**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૪૭૧૨૩૦, ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ–ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| હોળી | યોગેશ્વરજી | ૩ |
| વંદના | મા સર્વેશ્વરી | ૭ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૧૦ |
| Youth Speeches | Jigarbhai & Jignaben | ૧૨ |
| પ્રશ્નોત્તરી–સાક્ષાત્કાર અને દર્શનો | યોગેશ્વરજી | ૧૭ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૨૦ |
| રામનામમાં ગાંધીજીની શ્રદ્ધા | મહાત્મા ગાંધીજી | ૨૪ |
| પ્રાગટ્ય દિવસ–સાધના દિવસ | ડો. બી.જે. જાગાણી | ૨૯ |
| સજા કરતાં ક્ષમા ચડે | મુકુન્દરાય વિ. પારાશર્ય | ૩૬ |
| પ્રગટ્યું નવલું પ્રભાત | ડો. બી. જે. જાગાણી | ૩૯ |
| કઠ ઉપનિષદ | યોગેશ્વરજી | ૪૩ |
| સાર વચનો | પૂ. શ્રી મોટા | ૪૯ |
| વૈદિક શાંતિમંત્રો અને સ્તોત્રો | સ્વામી વિદિતાત્માનંદ | ૫૦ |
| જીવભાવ | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૫૪ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# હોળી

શ્રી યોગેશ્વરજી

પ્રાચીનકાળમાં અસુરોના રાજા હિરણ્યકશ્યપુએ ભયંકર તપ કર્યું. પર્વતના પવિત્ર પ્રદેશમાં આવેલા વાંસના વિશાળ વનમાં જઇને એક હાથને આકાશ તરફ ઊંચો કરીને એણે વર્ષો સુધી ખૂબ જ ભયંકર તપ કર્યું, ત્યારે એક ધન્ય દિવસે બ્રહ્માએ એની પાસે પહોંચીને એને વરદાન માંગવાનું કહ્યું. એણે અમર બનવાનું વરદાન માંગ્યું. બ્રહ્માએ એણે વધારે સ્પષ્ટતા કરવા માટે જણાવ્યું તો એણે કહ્યું કે મને એવું વરદાન આપો કે હું દિવસે ના મરું, રાતે ના મરું, ઘરમાં ના મરું, ઘરની બહાર ના મરું, માનવથી ના મરું, પશુથી ના મરું, અસ્ત્રથી ના મરું કે શસ્ત્રથી પણ ના મરું, પૃથ્વી પરના મરું, અને આકાશમાં ના મરું. બ્રહ્માએ ''તથાસ્તુ'' કહીને એની માંગણી મંજૂર રાખી, એટલે એ તપ પૂરું કરીને પાછો ફર્યો.

પાછા ફરીને પોતાના બળના ને વરદાનના અભિમાનને લીધે એણે ચારે તરફ ત્રાસ ફેલાવવા માંડ્યો. એનો પુત્ર પ્રહ્લાદ ભગવાનનો ભક્ત હતો. તે એને જરા પણ પસંદ નહોતું પડતું. એને ભગવાનની ભક્તિને છોડી દેવા માટે એણે સમજાવ્યો, પરંતુ પ્રહ્લાદે માન્યું નહીં, ને જણાવ્યું કે માનવજીવન મળ્યું છે જ ભગવાનની ભક્તિ માટે. એનો જેટલો બને તેટલો સદ્ઉપયોગ કરીને ભગવાનની કૃપાને મેળવવી જોઇએ. એ કાંઇ સંસારના મોજશોખને માટે કે કુકર્મો કરવાને માટે નથી મળ્યું. હિરણ્યકશ્યપુએ એને પર્વત પરથી ગબડાવ્યો, ઉકળતા તેલની



કઢાઈમાં નંખાવ્યો, સાપોની વચ્ચે છૂટો મૂક્યો, અને એવી રીતે એના ઉપર કેટલોય ત્રાસ ગુજાર્યો, તો પણ એણે ભગવાનની ભક્તિ કરવાનું ચાલું જ રાખ્યું. જેનું મન ભગવાનમાં રમે છે, તે ભગવાન સાથે બંધાય છે. તેને ભગવાનને છોડીને ક્યાંય સુખ નથી લાગતું. માછલી પાણી વિના ના રહે, લોભી ધન વિના ના જીવે અને કામી શરીર સુખ સિવાય શાંતિને ના અનુભવે, એમ એ ભગવાનના સ્મરણમનનને ધ્યાન તથા ભગવાનની ભક્તિ વગર નથી રહી શકતો. એને ભગવાનની ભક્તિ, પ્રીતિ કે કૃપામાં જે સ્વર્ગ સુખ લાગે છે, તે બીજે કશે નથી લાગતું.

જે સાચા દીલથી ભગવાનનું શરણ લે છે ને સ્મરણ કરે છે તેની ભગવાન સર્વ પ્રકારે રક્ષા કરે છે, જે ભગવાનના ભક્તને નિંદે છે, પજવે છે, હેરાન કરે છે, તે છેવટે દુ:ખી થાય છે. હિરણ્યકશ્યપુ ને પ્રહ્લાદના સંબંધમાં એવું જ થયું. હિરણ્યકશ્યપુએ એક દિવસ પ્રહ્લાદને પૂછ્યું કે તારા ભગવાન બધે જ રહેલા છે? પ્રહ્લાદે કહ્યું કે 'હા, બધે જ રહેલા છે' હિરણ્યકશ્યપુએ એક થાંભલાને બતાવીને પૂછ્યું: ''આમાં રહેલા છે?'' પ્રહ્લાદે ઉત્તર આપ્યો કે એમાં પણ રહેલા છે. હિરણ્યકશ્યપુએ ભયંકર અટહાસ કરીને જણાવ્યું કે તો પછી થાંભલામાં રહેલા તારા ભગવાનનો હું હમણાં જ નાશ કરું છું. એણે એ થાંભલા પર પોતાની ગદાને મારી કે તરત જ થાંભલો ફાટ્યો અને એમાંથી ભગવાન નૃસિંહના સ્વરૂપમાં બહાર નીકળ્યાં. એમનું અડધું શરીર સિંહનું અને અડધું શરીર માનવનું હતું. હિરણ્યકશ્યપુને એમને દેખીને ભય લાગ્યો. એ પોતાની જાતને બચાવવા માટે દોડવા લાગ્યો. પરંતુ ભગવાને તેને તરત જ પકડી પાડ્યો ને ઘરની વચ્ચેના ઊંબરા પર પોતાના ખોળામાં

સુવાડીને જણાવ્યું કે તારું વરદાન પૂરું થયું છે. અત્યારે તું ઘરમાં નથી ને ઘરની બહાર પણ નથી પરંતુ ઊંબરા પર છે. પૃથ્વી પર નથી અને આકાશમાં પણ નથી પરંતુ મારા ખોળામાં સૂતેલો છે. હું માનવ નથી ને પશુ પણ નથી પરંતુ નૃસિંહ છું. અત્યારે દિવસ નથી, રાત પણ નથી, પરંતુ સંધ્યાકાળ છે. મારી પાસે શસ્ત્ર પણ નથી અને અસ્ત્ર પણ નથી. હું તારો નાશ મારા હાથના લાંબા લાંબા તીક્ષ્ણ ધારવાળા નખથી કરી રહ્યો છું. સંસારમાં કોઈપણ કાયમ માટે અમર નથી અને નૃસિંહ ભગવાને હિરણ્યકશ્યપુની છાતીને પોતાના નખથી ચીરી નાંખીને ભક્ત પ્રહ્લાદની રક્ષા કરી. ભક્ત પ્રેમળદાસે પોતાના પદમાં ગાયું છે કેઃ–

*વહાલે ઊગાર્યો પ્રહ્લાદ, હિરણ્યકશ્યપુ માર્યો રે,*
*વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે.*
*હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે,*
*જેની સુરતા શામળિયા સાથ, વદે વેદવાણી રે.*
*વહાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે,*
*ધ્રુવને આપ્યું અવિચળ રાજ પોતાનો કરી સ્થાપ્યો રે.*
*વહાલે મીરાંબાઈનાં ઝેર હળાહળ પીધાં રે,*
*પાંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાં રે.*
*આવો હરિહર ભજવાનો લહાવો ભજન કોઈ કરશે રે.*
*કરજોડી કહે પ્રેમળદાસ ભક્તનાં દુઃખ હરશે રે.*

ભગવાન પોતાના ભક્તની રક્ષા કરે જ છે. ભક્ત ભગવાનને ભજે છે તો ભગવાન ભક્તની સર્વપ્રકારે સંભાળ રાખે છે. એમનો સંબંધ એવો પરસ્પરનો હોય છે. હિરણ્યકશ્યપુના નાશ પહેલાં ભગવાને પોતાના આઠ વર્ષની



વયના ભક્ત પ્રહ્લાદની રક્ષા બીજી રીતે પણ કરી. એ વાત પણ જાણવા જેવી છે. હિરણ્યકશ્યપુની બહેનનું નામ હોલીકા હતું. તે ભયંકર દેખાવવાળી અને એવા જ વિકરાળ વિચારવાળી હતી. તેની પાસે અગ્નિમાં ના બળવાની શક્તિ હતી. તેણે પોતાના ભાઈ હિરણ્યકશ્યપુની સલાહ લઈને તેની મંજૂરી મેળવીને, ભક્તરાજ પ્રહ્લાદને પોતાના ખોળામાં બેસાડીને અગ્નિજ્વાળામાં બેસવાની અને એવી રીતે પ્રહ્લાદને બાળી નાખવાની યોજના કરી. એ પ્રમાણે એક દિવસ અગ્નિની જ્વાળાને જગાવવામાં આવી. એમાં હોલિકા પ્રહ્લાદને પોતાના ખોળામાં લઈને બાળી નાખવા માટે બેસી ગઈ. પરંતુ ભગવાનની લીલા તો જુઓ! જેને રામ રાખે કે રાખવા માગે, તેને કોણ મારી શકે? ધીરા ભગતે ગાયું છેઃ–

જેને રામ રાખે રે તેને કોણ મારી શકે?
અવર નહીં દેખુ રે બીજું કોઈ પ્રભુ પખે. જેને.....

ભગવાનની કૃપાથી પ્રહ્લાદ બચી ગયો ને એને બાળવા માગનારી હોલિકાનો નાશ થયો. જે બીજાનું બૂરું તાકે ને બૂરું કરે છે તેનું પોતાનું જ બૂરું થાય છે. ભલું કરનારનું ભલું થાય છે માટે બીજાનું બૂરું કરવાની કદી પણ ઈચ્છા ના કરવી. બીજાનું તનથી, મનથી, વચનથી, વિદ્યાથી, પદથી, સત્તાથી બનતા બધાં જ સાધનોથી, બૂરું કરવાને બદલે ભલું જ કરવું, હોલિકા અથવા હોળીનો પ્રસંગ આપણને એ સનાતન સમજને માટે ઉપયોગી, સોનેરી સંદેશો પૂરો પાડે છે. જીવનમાં હોળી કે હિરણ્યકશિપુ ના બનવું, પરંતુ પ્રહ્લાદ થવું.

(અનુસંધાન પૃષ્ઠ ૨૩ પર)

# વંદના

—સર્વેશ્વરી

**(આ રચના પૂ. માએ ૧૯૮૫માં કરેલી છે.)**

ગુરૂદેવ રૂપે પ્રભુ યોગેશ્વર ચરણે,
વારંવાર પ્રણામ હો સ્વીકારી લો શરણે.
સજાવો પ્રભુ જીવનમાં અવનવા હવે સાજ,
વાણીમાં આવી વાસો ધરો ભક્તિરસ લ્હાણ.
રામકૃષ્ણ ને બુદ્ધ ને જ્ઞાનેશ્વર શંકર.
યોગેશ્વરરૂપે હરિ અગણિત હો વંદન.
પૂર્ણ પુરુષોત્તમ છતાં મનુજ શરીરધારી,
લીલા કીધી સહજ એ સ્વભાવને માની.
હાડ—ગાળી હિમાલયે જીવનને તપાવી,
પ્રભુદર્શન કેરી વળી અર્પે ગુરુ ચાવી.
વિવિધરૂપે જાણે વળી જનસમાજ તમને,
વિધવિધ જીવન દૃષ્ટિથી મુલવીને પરખે.
ઉત્તમ વક્તા આપ છો, લેખક, મહાકવિ,
ને સાહિત્યકાર છો, કો કહે અનુભવી.
સાધુપુરુષ કોઇ કહે માતૃભક્ત કોઇ,
અનંતયાત્રી જીવનના યોગી કહે કોઇ.
સદ્‌ગુરૂ કોઇ કહે વળી કોઇ કહે એ સંત,
તપસ્વી છો એવું કહે કોઇ કહે ભગવંત.
પ્રભુસ્વરૂપે ઓળખ્યા ધન્ય બન્યા તે સર્વ,
ના જાણ્યા તેણે વળી ખોયું જીવન પર્વ.



પ્રભુરૂપે પૃથ્વીપટે વિલીન થયા ક્ષણવાર,
દિવ્ય સ્વરૂપે તેજ ક્ષણ પ્રગટ્યા કૃપાનિધાન.
કથા ધન્ય એ જીવનની હવે લખો પ્રભુ આપ,
વાંચે જાણે સાંભળે ધન્ય બને સૌ આજ.
ઓગણીસસો ચોર્યાસી ને અઢાર માર્ચ રવિવાર,
સંવત બે હજારની ચાલીશની એ રાત.
ફાગળ વદ એકમ અને ધૂળેટીનો ઉત્સવ,
અમૃતસિદ્ધિ યોગમાં અમંગલ મોહત્સવ.
'આ રામચરિતનો સાર છે' અંતિમ ઉદ્‌ગાર,
અધ્યાત્મ જગનો એ રવિ અસ્ત થયો સાચે.
પવિત્ર મંદિર સ્થાન ને મુખે કથામૃતપાન,
મગ્ન બન્યા શ્રોતાવળી ત્યારે થયા અનાથ.
જ્ઞાની યોગી ભક્તને દુર્ભભ છે જે રીત,
તે રીતે તન ત્યાગીને પૂર્ણ કરી પ્રભુ પ્રીત.
મમત્વ આસક્તિ નહીં ક્યાંયે કહી વળગી,
અભિનય પૂર્ણ કરાવીને ધન્ય બની ધરતી.
મહાધન જીવનતણું યોગેશ્વર રૂપે,
સર્વેશ્વરીના જીવનમાં લુંટાયું તેજ ક્ષણે.
સર્વેસ્વ ખોઇને બન્યા સર્વેશ્વરી અનાથ,
દફનાવી દિલમાં વ્યથા ધૈર્ય ધરીને ખાસ.
ગુરુ ઇચ્છા સર્વોપરી શિરોધાર્ય કીધી,
'સ્વીકારી લો મને સમાવી લો' અરજી ઉરે કીધી.
મંગલ વાદ્યો સ્વર્ગમાં વાગ્યા તે ઘડીએ,
દેવો હરખાયા વળી મેળવી પ્રભુને.
ચંદનવૃષ્ટિથી થયું અભિવાદન પ્રભુનું,

જાણ થઈ અવની ઉપર અલૌકિક સઘળું!
'સત્યપથ'ને આંગણે ચંદન વર્ષા રોજ,
પૂરા પંદર દિવસ ત્યાં દેવો કરતા મોજ!
સાધકવર્ગે પ્રસાદી એ ચંદનની નિરખી,
પ્રભુ પધાર્યા જાણીને મનોભૂમિ હરખી.
એકી સાથે અનેકરૂપ વિચરો હવે તમે,
હજાર હાથે રક્ષતા જીવનકાય તમે.
દિશા શૂન્ય બની ગઈ 'સત્યપથે' જ્યારે,
ગુરૂદેવ પ્રભુએ કરી મહાકૃપા ત્યારે,
દિવ્ય સ્વરે પ્રગટી પ્રભુ સર્વેશ્વરી સામે,
'હું અહીંજ છું' કહી વળી આશ્વાસન આપે.
અદ્ભુત એ અનુભૂતિની કથા અલૌકિક એ,
સ્વસ્થતા તે ક્ષણ થકી અખંડિત વધી છે.
ચિન્મયરૂપે તસ્વીરે વિરાજીને પ્રભુ આપ,
સર્વેશ્વરીના જીવનને સંભાળો છો સાથ.
અનુમતિ સઘળા કાર્યમાં આપ પ્રભુની રોજ,
લઈને સફળ થતા રહ્યા સર્વેશ્વરી હરરોજ.
દૃઢ વિશ્વાસ વધ્યે જતો નિશદિન ચારે કોર,
બાજી પલટાઈ છતાં હૈયે ના કદી શોક!
સર્વેશ્વરીના જીવનમાં જીવંત બેઠા આપ,
સંસારી વિષયી વળી જોતા અચરજ સાથ.




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૩ એપ્રિલ–૨૦૧૧ અંક ૭**


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—૮૬, કોટયર્ક નગર, રાંદેર રોડ, સુરત.**

**તા.૧૩/૧૪/૧૫/૩/૮૨ શનિ, રવિ સોમવાર**

આ ત્રણે દિવસો ખાસ નોંધ ન હતી.

એ દિવસો દરમ્યાન હોમીયોપથીના ડો.શ્રી આઝાદે પૂ.શ્રીની મુલાકાત લીધી. દવાઓ ચાલુ કરી. વળી શિબિર અંગે વાતો કરવા વડોદરાથી ભાઈઓ મળી ગયા. સોમવાર ૧૫/૩/૮૨ બેસન્ટ હોલના ધ્યાનયોગના પ્રવચનની પૂર્ણાહૂતિ થઈ. શ્રોતાઓ પૈકી શ્રી ભટ્ટ, શ્રી અતિસુખભાઈ, શ્રી દીનાબહેન ઘડીયાળીએ અંજલિ આપી.

**તા.૧૬/૩/૮૨ મંગળવાર, ફાગણ સુદ ૬, ૨૦૩૮.**

આજે પણ યથાવત્ કાર્યક્રમ રહ્યો. ગઈકાલે ઉત્તરકાંડનું અનુવાદકાર્ય પૂર્ણ થયું. પૂ.શ્રી લેખનકાર્ય કરે છે ને થોડો આરામ પણ કરે છે.

ફીશર માટે કોની દવા? ને તે દવા લેવી કે નહીં તે અંગે પણ પૂ.શ્રી પરમશક્તિને જ પૂછે છે. પછી તે આજ્ઞા ડોક્ટર સામે ગૌણ બની જાય છે.

આજે મુલાકાતમાં ખાસ પ્રશ્નો પૂછાતા નથી. જે પ્રશ્નોત્તરી થાય છે તે અગાઉ કેટલીયેવાર થઇ ગઇ છે.

આજે સંચિતકર્મ, પ્રારબ્ધકર્મ ને ક્રિયમાણ કર્મ ઉપર પૂ.શ્રી વિસ્તૃત સમજ આપે છે. એ અંગે પૂ.શ્રી કહે છે.

તમારા ૫૦ રૂા. બેન્કમાં છે. હવે તે પૈસા તમારી અગાઉની સંચિત કરેલી મૂડી છે. એ પૈસા પૈકી તમે ૫૦ ઉપાડો પણ ખરા અથવા ૫૦ રૂા.ન પણ ઉપાડો. અરે, ૫૦ ઉપાડીને બીજા દેવા કરીને પણ ૧૦૦ ઉપરાંત વાપરી કાઢો. એ બધું જ કામ તમારા હાથમાં છે. ઉપાડવાનું કે વાપરવાનું કામ છે તે પ્રારબ્ધ કર્મ કહેવાય. તમારું પ્રારબ્ધ બગડે કે સુધરે તે સંચિત કર્મ પર આધાર છે. જે તમે કર્મ કરો છો તે ક્રિયમાણ કર્મ અને તે ક્રિયમાણ કર્મો જ સંચિત કર્મો થાય.

આ જન્મે જે કર્મોનાં ફળ મળ્યાં નથી, જેનાં ફળ ન મળ્યાં હોય તે જ બીજા જન્મે બેન્ક બેલેન્સ તરીકે કામ આવે છે. અને તેથી જ નાનપણથી જ આંખના, કાનના વગેરે બધાં જ સંસ્કારો તે નવા શરીરની આંખ ને કાનમાં આપોઆપ આવી જાય.

બીજા થોડા પ્રશ્નોની ચર્ચા થઇ. મુલાકાત બાદ સૌ વિદાય લે છે.

આજે સાંજે માળીપંચની વાડી, મજુરાભાગળ તરફ પૂ.શ્રીનાં ત્રણ પ્રવચનો શરૂ થયાં. પૂ.શ્રીની પ્રેરણાથી ચાલતું તે ધ્યાનકેન્દ્ર ખૂબ જ ઉત્સાહી છે, જેથી તેણે આ પ્રવચનો ગોઠવ્યાં છે. વાડી નવી જ છે. પૂ.શ્રી માટે ભવ્ય મંચ તૈયાર થયો છે. મંચ ઉપર શ્રી રામકૃષ્ણદેવ, શ્રી વિવેકાનંદજી, શ્રી શારદામણી દેવીના ફોટાઓ લગાવ્યા છે. બેઠકો પણ ભવ્ય છે. પૂ.શ્રીનું ભક્તિયોગ ઉપર સુંદર પ્રવચન થાય છે. પ્રવચન બાદ ભજન ધૂન વગેરે ગવાય છે.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. આજે પ્રવચન સ્થળે જાણીતા લેખક વિવેચક શ્રી જયંત પાઠક પૂ.શ્રીને મળે છે.

પ્રવચન બાદ હળવો નાસ્તો લઇ આરામ. (ક્રમશઃ)



# Youth Speeches

**–Jigar Bhai & Jigna Ben**

Jigar Bhai: Jai Krupalu MAA. As You heard earlier, MAA mentioned some things that we have done in the past. We are not focused on all that too much but ultimately that credit all goes to MAA. The thing that has been the most important in my life is the core values that she has instilled in us. Whatever we've done in our past for our family, for our parents, for other charitable causes, etc–all comes from the same well, which is MAA and Prabhu.

When you're very young, you get the chance to spend a lot of time with MAA. But eventually you go to school, get engaged, etc. and all of a sudden you realize that maybe you're not as close as you used to be. Then, you take a step back and realize that the core values of the person that I am today, no matter what I've gone through in life, no matter what I've seen in life–those core values have always kept me grounded. These values were always instilled in me from a very young age from Prabhu and MAA and right now, our parents. Therefore, we can take very little credit for anything we've

done because ulimately that goes back to our parents and to MAA and Prabhu.

Jigna Ben: And even though Jigar and I obviously don't go to satsanga lot, the way we live our lives–is a daily satsang. For example, Jigar's getting married this summer, I'm getting married this summer, and Mom said that instead of feeding everybody(having a large wedding), they will give water to people in villages of India where they don't have water. So even though we don't go satsang every day, we truly try to live of a satsang.

Jigar Bhai:Going back to something that Precy Ben said, the very core of Hinduism itself. Prayer is one thing, but ultimately it's action that counts. The Bhagwad Gita is about action, about what you're going to do, your Karma. At the end of the day, action is always the most important thing and that action will always count for what your core beliefs are. To give an example, a few years ago my sister went to India and donated her time in a orphanage there. From there she flew to Africa and went to the middle of November and helped build a well for African tribes who have nothing and live in deserts.



Jigna Ben: When I went to India, I went to Rajkot and ended up working at an orphanage. Somehow, I found out that MAA was at the orphanage after the earthquake there. They asked, "Is that the saint that wears the white? And she's really skinny?" And I said, "Yeah, that's MAA!" So even if it's not a daily satsang, somehow our paths always come back together with MAA.

In 2006, I quit my job. I packed a backpack, bought a couple of plane tickets, and flew to Dubai, India, Kenya, and Tanzania. For two months I was Pretty much living out of a backpack doing seva all over the villages for people who spoke no English, had no running water, no electricity. I didn't take a bath for over a week at one point. It was quite an adventure. Along the way I was almost shot at, was in a motorcycle accident–I think I almost died about 5 times on that trip. And every time I would just start praying to MAA, to Jesus, to Allah–anybody to save me. I think that the greatest gift MAA has given us is two Gurus that we live with everyday–which are our mom and dad. They have taught all the same things that MAA has taught us.

Jigar Bhai: And even with our parents, they always say–lead by example, just like MAA leads by example when it comes to having a disciplined life, prayers. etc. Parents learn a lot of that from MAA as well. When they first came to this country, they didn't know who MAA–Prbhu was–they had basically lost their way. Then Prabhu came into their lives and changed everything for the better, thankfully. If he hadn't come into our lives, our parents' lives, we would've been very different people. I know for a fact that we probably would not have done all the charity work like Jigna has done. I would not have been the same person either. We are all forever indebted to MAA for that.That's the one takeaway from–to live your life by the core values that you learned from here in satsang. Action is the most important thing. You can say that you do things but if you don't really do them, it doesn't matter.

Another thing, at a young age we come here (to satsang). Public speaking is the worst fear of most of the population. That's Satsang 101 when you come to MAA. In fact, on the way up here I was thinking–I should really prepare



something, I know I'm going to have to get up and speak. But these are life skills, these are things that most people you know in school or friends are terrified to do; but this is a safe place for you to learn how speak publicly and other skills that make you a better person. Jai Krupalu MAA.

આંખમાં લેન્સની જેમ દીવાસળી ગોઠવી દેવાની! જે આસક્તિને બાળી દે.

સાચા સાધકની વાણી—વર્તન સામાને પલટાવવામાં સમર્થ બને છે. —મા

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# પ્રશ્નોત્તરી—સાક્ષાત્કાર અને દર્શનો

—યોગેશ્વર

### સગુણ સાક્ષાત્કાર

**પ્રશ્ન :** સગુણ સાક્ષાત્કાર એટલે શું?

**ઉત્તર :** સગુણ સાક્ષાત્કાર એટલે ઈશ્વરનું સાક્ષાત્ દર્શન, અથવા ઈશ્વરના સાકાર સ્વરૂપનું સાક્ષાત્ દર્શન.

**પ્રશ્ન :** એવું દર્શન કઇ દશામાં થઇ શકે છે?

**ઉત્તર :** એક તો અંદર ઊંડા ધ્યાનની દશામાં, ને બીજું જાગૃત્તિની દશામાં. બંને દશા અથવા અવસ્થામાં એવું દર્શન થઇ શકે છે. ઊંડા ધ્યાનની દશાને સમાધિની દશા પણ કહેવામાં આવે છે. 'ધ્યાનાવસ્થિત તદ્‌ગતેન મનસા પશ્યંતિ યં યોગિનો' કહીને એ જ દશાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ને કહેવામાં આવ્યું છે કે યોગીઓ ધ્યાનમાં જોડાયેલ મનથી એ પરમાત્માનું દર્શન કરે છે.

**પ્રશ્ન :** એવું દર્શન શું મનની ભ્રાંતિ નહીં હોય? જે વસ્તુનું વારંવાર રટણ કરવામાં આવે તે વસ્તુનો આભાસ મનમાં નહીં પડતો હોય?

**ઉત્તર :** એવું નથી સમજવાનું, જે વસ્તુનું વારંવાર રટણ કરવામાં આવે છે, તે વસ્તુનું દર્શન પણ ક્યાં થઇ શકે છે? ને થાય તો પણ તેનું દર્શન કદાચ સ્વપ્નમાં કે ધ્યાનમાં થાય, પણ જાગૃતિમાં તો ના જ થઇ શકે. વળી જે વસ્તુના દર્શનની ઇચ્છા નથી હોતી, ને જેના માટે કોઇ પણ પ્રકારનો પુરુષાર્થ પણ નથી કર્યો હોતો, તે વસ્તુનું દર્શન પણ સાધકને થતું હોય છે. મન કોઇ વસ્તુનું સતત મનન કરે તેથી તે વસ્તુનું દર્શન થાય છે એમ માનવું બરાબર નથી. સાચી વાત તો છે કે વસ્તુનું



અસ્તિત્વ હોય છે અને એથી જ એનું ચિંતન કરવાથી કે ના કરવાથી એનો અનુભવ થાય છે. ઈશ્વર છે માટે જ તેનું દર્શન થઇ શકે છે. ઈશ્વરનાં દર્શન માટે મનોબળની જેટલી જરૂર નથી પડતી તેટલી ભક્તિભાવથી ભરેલા હૃદયની પડે છે એ યાદ રાખવાની જરૂર છે.

**પ્રશ્ન :** એવું દર્શન કોઇને કરાવી શકાય ખરું?

**ઉત્તર :** એ માટે ઘણી લોકોત્તર શક્તિ જોઇએ. ઈશ્વરનું દર્શન કરવું એક વાત છે અને બીજાને કરાવવું એ બીજી જ વાત છે. એવી શક્તિ કોઇકમાં જ હોઇ શકે. એકાદ કૃષ્ણ, રામકૃષ્ણ પરમહંસે જ જનાર્દન સ્વામી જેવા સમર્થ પુરુષમાં એમણે અર્જુન, વિવેકાનંદ ને એકનાથને દર્શન કરાવ્યું હતું. બાકી તો પોતે જ ના કર્યું હોય તો બીજાને કેવી રીતે કરાવી શકાય? પહેલાં ઈશ્વરનું દર્શન પોતે જ કરવાની જરૂર છે. એ માટે જરૂરી સાધના કરાવી જોઇએ.

### દર્શનના પ્રકાર વિશે

**પ્રશ્ન :** દર્શનના કેટલા પ્રકાર છે?

**ઉત્તર :** મુખ્ય પ્રકાર બે છે. સાકાર દર્શન ને નિરાકાર દર્શન. બાકી સાકાર દર્શનના બીજા પાંચ પ્રકાર પાડી શકાય છે.

**પ્રશ્ન :** પાંચ પ્રકાર?

**ઉત્તર :** હા. પાંચ પ્રકાર.

**પ્રશ્ન :** ક્યા ક્યા?

**ઉત્તર :** એક પ્રકારનું દર્શન એવું છે જેમાં ભક્તને ભગવાનનું દર્શન થાય છે, પરંતુ વાતચીત નથી થતી. એવું દર્શન પણ કરોડોમાંથી કોઇકને જ થાય છે, અને અત્યંત શાંતિદાયક તથા આનંદકારક થઇ પડે છે. પરંતુ એથી આગળની દશામાં ભક્તને ભગવાનનું દર્શન થાય છે જ, પણ

એથી આગળ વધીને ભક્ત ભગવાનની સાથે વાતો પણ કરી શકે છે એ બીજો પ્રકાર છે. ત્રીજા પ્રકારમાં ભગવાનની સાથે ઈચ્છાનુસાર વાતો થાય છે, ને ભગવાનના સ્પર્શનો લાભ પણ થઈ શકે છે. એ પછીના ચોથા પ્રકારમાં ભગવાન પોતાની કે ભક્તની ઈચ્છાનુસાર ભક્તને વરદાન અથવા આશીર્વાદ આપે છે. એ દશા અત્યંત દુર્લભ છે, ને કોઈક બડભાગીને જ મળી શકે છે. એ દશાની પ્રાપ્તિથી જીવન ધન્ય બની જાય છે, એ પછી છેલ્લી ને પાંચમી દશા આવે છે. જ્યારે ભક્ત પોતાની ઈચ્છાનુસાર ગમે ત્યારે અથવા તો ચોવીસ કલાક ભગવાનનું દર્શન કરી શકે છે. એ દશામાં ભક્ત ભગવાનમય બની જાય છે, અથવા તો કહો કે ભગવાનની સાથે સંપૂર્ણપણે એકત્વ સાધે છે.

**પ્રશ્ન :** તમે કહેલી આ પાંચ દશાઓ કોઈ પુસ્તકમાં તો નથી વર્ણવી?

**ઉત્તર :** દર્શનના આ પ્રકાર કોઈ પુસ્તક પરથી નહીં પરંતુ અનુભવ પરથી નક્કી કરેલા છે. એવી કેટલી ય વાતો છે જે પુસ્તકોમાં નથી મળતી, પરંતુ જેમને જાણવાને માટે અનુભવની દુનિયામાં ડૂબકી મારવી પડે છે. સાધનાની કેટલીક ગૂઢ વાતો સાધના કરવાથી જ સમજી શકાય છે. દર્શનને લક્ષ્ય બનાવીને ચાલનારા સાધકો કે ભક્તોની પાસે કેટલું વિશાળ ક્ષેત્ર છે, તેનો ખ્યાલ આટલી વાતચીત પરથી સહેજે આવી શકશે, ને સાચા ભક્તો તથા સાધકો વધારે ને વધારે આગળ વધવાનો પ્રયાસ કરશે. જે માર્ગે આગળ વધવું છે, તેનો સ્પષ્ટ ખ્યાલ હોવો સાધકને માટે ખૂબ જ જરૂરી છે, તો પરિપૂર્ણ વિકાસ કરી શકાય.



# વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા

—મા સર્વેશ્વરી

## ૨૬—૭—૦૮ હેલીફેક્ષથી ટોરેન્ટો

ગઈરાતે બાળકો સાથે જ વીતી ગણાય. હોલમાં મોડે સુધી કાર્યક્રમ ચાલ્યો. સૌ જાણે હવે યાત્રાને સમૂહમાં માણવાનો અવસર છેલ્લો છે એમ માની મન મૂકીને ગરબો ઘૂમી લે છે. આજે સૌને અંબાજીમાનો પ્રસાદ પણ વરસાદની જેમ મળ્યો છે.

સૌ સવારે ચાર વાગે વિશ્રામ કરે છે. વહેલી સવારે આઠ—પછી બે—વિદાય થયા છે. બાકીના ૩૬—૩૭ યાત્રીઓ સાથે બસ પાછી આગળ વધી છે.

હેલીફેક્ષની પ્રસિદ્ધ જગ્યા પેગીસ્કો ફરી યાત્રામંડળી પહોંચી છે. સૂર્યનારાયણ સરસ રીતે દર્શન આપી રહ્યા છે. અરે, આજે સૂર્યનારાયણની આસપાસ એક મેઘધનુષ્ય જેવું આભામંડળ પણ જોવા મળ્યું.

અહીં બસના સારથી શ્રી સ્ટીવન્સભાઈને યાત્રીઓ તરફથી બેગ, કીટ, ફૂલ, પ્રસાદ ને ૫૦૦ ડોલર ભેટ આપવામાં આવી. એની વિશેષતાનું વર્ણન કરતો પત્ર તથા એની વિવિધ તસ્વીરો પણ આપી.

પ્રત્યુત્તરમાં એણે સૌનો આભાર માનીને કહ્યું:—યાત્રા સરસ રહીં. હું પણ મા માટે એક ભેટ લાવ્યો છું. મા આપણા સૌ માટે પ્રકાશ ને પ્રેરણાનું પ્રતીક છે. એટલે હું દીવાદાંડીનું આ પ્રતીક માને અર્પણ કરું છું.

માએ પહેલે દિવસે ફરી દીવાદાંડી જવાની ના પાડી તે ખૂબ

સારું થયું, નહીં તો ત્યાં જતા માર્ગમાં જ બસ બગડી જાત, તો મદદ પણ ના મળત ને ખૂબ મુશ્કેલી પડત. મા હતાં તો સૌની રક્ષા થઇ.

મા ઉભાં થઈને શ્રી સ્ટીવન્સભાઈની ભેટ સ્વીકારી છે. આશ્ચર્ય ૧૪ દિવસના પરિચયનો જાણે એ પ્રસાદ હતો. બસ પાછી વળે છે. તે પહેલાં સૌ અહીં આઈસ્ક્રીમ લે છે. અરે, માર્ગમાં પણ પાછો આઈસ્ક્રીમ સૌ લે છે. માર્ગમાં સૌ ધૂન ભજન કરે છે.

આજે પણ પ્રશ્નોત્તરી થઇ છે. આજે દયા, નિર્મળ પણ સરસ વાતો રજૂ કરે છે.

સાંજે ૪ વાગ્યે હેલીફેક્ષના એરપોર્ટ ઉપર પહોંચ્યા છે અહીં એરપોર્ટ ઉપર **'વરદ હસ્ત'** સમૂહમાં ગાયું છે. બે કલાક અવકાશમાં વિતાવી ટોરેન્ટોના એરપોર્ટ ઉપર ટોરેન્ટોની મંડળી મા સાથે ૧૪ વ્યક્તિ સુરક્ષિત આવી ગઇ છે.

અહીં આજે એરપોર્ટ ઉપર સ્વાગતમાં ૧૫, ૨૦ ભક્તો હાજર હતા. બેન અમીષા સૌને કંકુનું તીલક ને ગુલાબનું ફૂલ આપી સન્માને છે. વળી આજે તો પેલો નાનકડો દર્શન પણ અંદર લેવા આવ્યો છે.

બહાર નાનકડી નૌકા(૧ મહિનાની) તો નાનકડો પ્રસાદ(૩, ૪ મહિનાનો) પણ આવ્યા છે. તેને પ્રથમવાર એરપોર્ટની યાત્રા માટે લાવવામાં આવ્યા છે. અને નૌકા તરફથી અહીં પણ સૌને આઈસ્ક્રીમનો પ્રસાદ મળ્યો છે. તો વળી લંડનથી પુષ્પાબહેન ચોકલેટ લાવ્યાં છે તે પણ પ્રસાદમાં મળ્યાં છે.

સૌને મળ્યાનો આનંદ છે. યાત્રાની પ્રસન્નતા હજી મન



અંતરે એવી જ પથરાઇ રહી છે. સૌ છૂટાં પડ્યાં છે.

અહીં પધારો મા કહી, સુરેશભાઇ, રૂપલ, પ્રિયા, રાજુભાઈ, જ્યોત્સનાબહેન, દીપકભાઇ, નીલાબહેન, મુની સૌ હાજર છે. વંદન થયા છે આરતી ઉતારી છે. પ્રસાદ વહેંચાયો છે.

ત્યાં જ સમાચાર મળ્યા છે. અમદાવાદમાં ૧૬ બોમ્બ એક સાથે વિવિધ વિસ્તારમાં ફાટ્યા છે એટલે એની ચર્ચામાં ૧૫, ૨૦ મિનિટ વીતી છે.

ઉપર આવી સ્નાન કરી ૨૮ કલાકે નિર્જળા વ્રત પૂર્ણ કર્યું છે.

હે પ્રભુ, ભારતની રક્ષા કરો. ગુજરાતની રક્ષા કરો. તોફાની તત્ત્વોના મનઅંતરને સાત્ત્વિક અહિંસક કરો. સૌને સદ્‌બુદ્ધિ આપો.

ગુજરાતને વિનાશકતાની આગમાંથી ઉગારી લો. સારી નેતાગીરીને સફળ કરો. સૌમાં પ્રેમ અને સંપની ભાવના જગાડો.

સૌને શાંતિથી જીવવાનું વરદાન આપો. હે દેવીદેવતાઓ, ભારતદેશની સર્વપ્રકારે રક્ષા કરો.

હે પ્રભુ, આપણા દેશને સ્વચ્છ, ભક્તિભાવભર્યા નેતાઓ આપો. સરદાર જેવા શ્રેષ્ઠ નેતાને રાજગાદી ઉપર મૂકવા શોધી આપો.

ગુજરાતની સરસ પ્રગતિ થઇ રહી હતી તો ગુજરાતના સુકાનીને પણ રક્ષા કવચ પહેરાવો. એમના દરેક નિર્ણયમાં હે હરિ, આપ સહાયક થાઓ. સર્વત્ર શાંતિ, સુખ થશે. આ

હિંસાત્મક હોળીને કાયમકાજ ઠારી દો.

બોમ્બ પ્રકરણ માનવજાત માટે ભારે શરમજનક છે. હે હરિ સૌને સાચી સમજ આપો, સૌનું સર્વ પ્રકારે જેમાં હિત છે તેવી જ પ્રવૃત્તિ કરાવો.

રક્ષા કરો. શાંતિ ધરો. સૌની સર્વપ્રકારે ઉન્નતિ કરાવો.

જેમના હાથે એવા હિંસાત્મક કાર્યો થાય છે તે સૌને ક્ષમા કરી તેમને અહિંસક બનાવી દો.

દેવોના પ્રિય દેશને અધ્યાત્મપંથે આગળ દોરી જાવ.

હે સર્વસમર્થ સિદ્ધ સંતો, હે દેવી દેવતાઓ, હે સર્વ દૈવી તત્ત્વો! આપણી ભારત ભૂમિની રક્ષા કરો.

હે પરમાત્મા, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

(પૃષ્ઠ ૬ નું અનુસંધાન)

ત્યારથી ફાગણ સુદ પૂનમના એ દિવસે હોળીનો તહેવાર મનાવવામાં ને હોળીને જગાવવામાં આવે છે. એ દિવસે વ્રત તથા પ્રાર્થના કરીએ, અને અંદરની તથા બહારની ગંદકીને દૂર કરવાનો પ્રયત્ન કરીએ, એ આવશ્યક છે. આપણા મનમાં, અંતરમાં, ઘરમાં, કુટુંબમાં ને સમાજજીવનમાં જલતા બુરા વિચારો, ભાવો, વ્યસનો, વાસનાઓ અને અશાંતિની હોળીઓને સદાને માટે શાંત કરવાનો તે દિવસે સંકલ્પ કરીએ. સત્યમાં, માનવતામાં વિશ્વાસ રાખીએ, દાનવતાને દફનાવી દઈએ, એને માટે પુરુષાર્થ કરીએ, તો હોળીનો તહેવાર સફળ થાય.



# રામનામમાં ગાંધીજીની શ્રદ્ધા

—મહાત્મા ગાંધીજી

## ૧. બીજ

છ કે સાત વર્ષથી માંડીને હવે સોળ વર્ષનો થયો ત્યાં સુધી અભ્યાસ કર્યો, પણ ક્યાંય ધર્મનું શિક્ષણ નિશાળમાં ન પામ્યો. શિક્ષકો પાસેથી સહેજે મળવું જોઇએ તે ન મળ્યું એમ કહેવાય. એમ છતાં વાતાવરણમાંથી કંઇક ને કંઇક તો મળ્યા જ કર્યું. અહીં ધર્મનો ઉદાર અર્થ કરવો જોઇએ. ધર્મ એટલે આત્મભાન, આત્મજ્ઞાન.

મારો જન્મ વૈષ્ણવ સંપ્રદાયમાં, એટલે હવેલીએ જવાનું વખતોવખત બને. પણ તેને વિશે શ્રદ્ધા ઉત્પન્ન ન થઇ. હવેલીનો વૈભવ મને ન ગમ્યો. હવેલીમાં ચાલતી અનીતિની વાતો સાંભળતો તેથી તેને વિશે મન ઉદાસ થઇ ગયું. ત્યાંથી મને કંઇ જ ન મળ્યું.

પણ જે હવેલીમાંથી ન મળ્યું તે મારી દાઇ પાસેથી મળ્યું. તે કુટુંબની જૂની નોકર હતી. તેનો પ્રેમ મને આજે પણ યાદ છે. હું આગળ જણાવી ગયો છું કે હું ભૂતપ્રેત આદિથી ડરતો. તેનું ઔષધ રામનામ છે એમ રંભાએ સમજાવ્યું. મને તો રામનામના કરતાં રંભા ઉપર વધારે શ્રદ્ધા હતી, તેથી મેં બાળવયે ભૂતપ્રેતાદિના ભયથી બચવા રામનામનો જપ શરુ કર્યો. તે બહુ સમય ન ટક્યો. પણ જે બીજ બચપણમાં રોપાયું તે બળી ન ગયું. રામનામ આજે મારે સારું અમોઘ શક્તિ છે, તેનું કારણ હું રંભાબાઇએ રોપેલું બીજ ગણું છું.

પણ જે વસ્તુએ મારા મન ઉપર ઊંડી છાપ પાડી તે તો રામાયણનું પારાયણ હતી. પિતાશ્રીની માંદગીનો કેટલોક સમય પોરબંદરમાં ગયેલો. અહીં તેઓ રામજીના મંદિરમાં રોજ રાત્રે રામાયણ સાંભળતા. સંભળાવનાર રામચંદ્રજીના એક પરમ ભક્ત, બીલેશ્વરના લાધા મહારાજ કરીને હતા. તેમને વિશે એમ કહેવાતું કે, તેમને કોઢ નીકળ્યો હતો. તેની દવા કરવાને બદલે તેમણે બીલેશ્વરનાં બીલીપત્ર જે મહાદેવ ઉપરથી ઊતરતાં તે કોઢિયેલ ભાગ ઉપર બાંધ્યા ને કેવળ રામનામનો જપ આદર્યો. અંતે તેમનો કોઢ જડમૂળથી નાશ પામ્યો. આ વાત ખરી હો કે ન હો, અમે સાંભળનારાઓએ ખરી માની. એટલું પણ ખરું કે લાધા મહારાજે જ્યારે કથાનો આરંભ કર્યો ત્યારે તેમનું શરીર તદ્દન નીરોગી હતું. લાધા મહારાજનો કંઠ મીઠો હતો. તેઓ દોહાચોપાઇ ગાતા ને અર્થ સમજાવતા. પોતે તેના રસમાં લીન થઇ જતા અને શ્રોતાજનને લીન કરી મૂકતા. મારી ઉંમર આ સમયે ૧૩ વર્ષની હશે, પણ મને તેમના વાંચનમાં ખૂબ રસ આવતો એ યાદ છે. આ રામાયણશ્રવણ મારા રામાયણ પરના અત્યંત પ્રેમનો પાયો છે. આજે હું તુલસીદાસના રામાયણને ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ ગણું છું.

### ૨. નીતિરક્ષાનો ઉપાય

મારા વિચારના વિકારો ક્ષીણ થતાં જાય છે પણ નાશ નથી પામ્યા. જો હું વિચારો ઉપર સામ્રાજ્ય મેળવી શક્યો હોત તો છેલ્લાં ૧૦ વર્ષ દરમ્યાન જે ત્રણ દરદો : પાંસળાનો વરમ, મરડો ને 'એપેન્ડિક્સ'નો વરમ, મને થયાં તે ન જ થાત. હું માનું છું કે નીરોગી આત્માનું શરીર પણ નીરોગી હોય. એટલે



જેમ આત્મા નીરોગી—નિર્વિકારી—થતો જાય તેમ તેમ શરીર પણ નીરોગી થતું જાય. આનો અર્થ એવો નથી કે નીરોગી શરીર એટલે બળવાન શરીર. બળવાન આત્મા ક્ષીણ શરીરમાં જ વસે છે. જેમ આત્મબળ વધે તેમ શરીરક્ષીણતા વધે. સંપૂર્ણ રીતે નીરોગી શરીર ઘણું ક્ષીણ હોઇ શકે. બળવાન શરીરમાં ઘણે ભાગે રોગ તો હોય જ. રોગ ન હોય તો પણ તે શરીર ચેપો વગેરેનો ભોગ તુરત થાય, જ્યારે સંપૂર્ણ રીતે નીરોગી શરીરને ચેપ લાગી જ ન શકે. શુદ્ધ લોહીમાં એવાં જંતુને દૂર રાખવાનો ગુણ હોય છે.

બ્રહ્મચર્યનો લૌકિક અથવા પ્રચલિત અર્થ તો એટલો જ માનવામાં આવે છે કે વિષયેન્દ્રિયોનો મન, વચન, કાયાથી સંયમ. સ્વાદેન્દ્રિય—સંયમ ઉપર એટલો જ ભાર નથી મૂકાયો, તેથી વિષયેન્દ્રિય—સંયમ વધારે મુશ્કેલ બન્યો છે, લગભગ અશક્ય જેવો થઇ ગયો છે.

મારો અનુભવ તો એવો છે કે જેણે સ્વાદને જીત્યો નથી તે વિષયને જીતી શકતો નથી. સ્વાદને જીતવો બહુ કઠિન છે. પણ એ વિજયની સાથે બીજો વિજય સંભવે છે. સ્વાદ જીતવાને સારું એક તો એ નિયમ છે કે મસાલાઓનો સર્વથા અથવા બને તેટલો ત્યાગ કરવો. અને બીજો વધારે જોરાવર નિયમ એ છે કે માત્ર શરીરપોષણને સારું જ આપણે ખાઇએ છીએ પણ સ્વાદ સારું કદી નહીં ખાઇએ એવી ભાવના હંમેશા પોષવી. આપણે હવા સ્વાદને સારું નથી લેતા પણ શ્વાસ સારું. પાણી તરસ મટાડવા તેમજ અન્ન કેવળ ભૂખ મટાડવા લેવાય. બચપણથી જ આપણને માબાપ એથી ઊલટી ટેવ પાડે છે. આપણા પોષણને

સારું નહીં પણ પોતાનું વહાલ બતાવવા આપણને અનેક જાતના સ્વાદ શીખવી આપણને બગાડે છે. આવા વાતાવરણની સામે આપણે થવાનું રહ્યું છે.

પણ વિષય જીતવાનો સુવર્ણ નિયમ તો રામનામ અથવા એવો કોઇ મંત્ર છે. દ્વાદશ મંત્ર પણ એ જ અર્થ સારે છે. જેને જેવી ભાવના તે પ્રમાણે તે મંત્ર જપે. મને બચપણથી રામનામ શીખવવામાં આવેલ હોવાથી ને એનો આધાર મને મળ્યા જ કરે છે તેથી મેં તે સૂચવ્યો છે. જે મંત્ર લઇએ તેમાં આપણે તલ્લીન થવું જોઇએ. ભલે મંત્ર જપતાં બીજા વિચારો આવ્યા કરે, તે છતાં શ્રદ્ધા રાખી જે મંત્રનો જપ જપ્યા જ કરશે તે અંતે વિજય મેળવશે એમાં મને લેશ પણ શંકા નથી. એ મંત્ર તેની જીવનદોરી થશે અને બધાં સંકટોમાંથી તેને બચાવશે. એવા પવિત્ર મંત્રનો ઉપયોગ કોઇએ આર્થિક લાભને સારુ ન જ કરવો જોઇએ. એ મંત્રનો ચમત્કાર આપણી નીતિને સુરક્ષિત કરવામાં રહેલો છે. અને એ અનુભવ દરેક પ્રયત્નવાનને થોડી જ મુદતમાં મળી રહેશે. હા, એટલું યાદ રાખવું જોઇએ કે એ મંત્ર પોપટની માફક ન પઢાય.

તેમાં આત્મા પરોવવો જોઇએ. પોપટ યંત્રની જેમ એવો મંત્ર પઢે છે, આપણે તેને જ્ઞાનપૂર્વક પઢીએ; ન જોઇતા વિચારોનું નિવારણ કરવાની ભાવના ધરીને અને તેમ કરવાની મંત્રની શક્તિમાં વિશ્વાસ રાખીને.

### ૩. સહેલો મંત્ર

જ્યાં મનુષ્યયત્ન કંઇ જ નથી કરતો ત્યાં ઈશ્વરની કૃપા કામ આવે છે. તેથી મેં ધારાળાઓને, અંત્યજોને તેમ જ કાળીપરજને



રામનામનો જપ જપવાની ભલામણ કરી છે. સવારમાં સૂર્યોદય પહેલાં ઊઠી, દાતણ કરી, મોં સાફ કરી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના કરે કે તે તેઓને પ્રતિજ્ઞાપાલનમાં સહાય કરે ને તેઓ રામનામ જપે. આમ જ રાતે સૂતી વેળાએ કરે. રામનામ ઉપર મારી આસ્થા તો ઘણાં વર્ષોની છે. કેટલાક મિત્રોને રામનામ રામબાણ દવારૂપ થઇ પડેલ છે. તેઓ ઘણી આંતરિક મુસીબતોમાંથી બચી ગયા છે. જેને ઉચ્ચાર ન આવડે, જે દ્વાદશ મંત્ર પણ યાદ ન કરી શકે, 'ઈશ્વર' શબ્દનો ઉચ્ચાર જેમને અઘરો લાગે, તેવાને સારુ પણ 'રામ' શબ્દનું ઉચ્ચારણ સહેલું છે. શ્રદ્ધાપૂર્વક જે એ નામનો જપ જપે તે હંમેશા સુરક્ષિત છે એમ હું માનું છું.

(ક્રમશઃ)

દૈહિક અહંનો નાશ અને સતત આત્મિક સભાનતા એ જ સાધના. —**રમણ મહર્ષિ**

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

## પૂ.શ્રીમાની સંનિધિમાં સ્વર્ગારોહણમાં પૂ.શ્રીનો દિવ્ય

# પ્રાગટ્ય દિવસ—સાધના દિવસ

ડો. બી. જે. જાગાણી

સ્વર્ગારોહણતીર્થમાં દર વર્ષે ૧૮, ૧૯, ૨૦ માર્ચના દિવસો પૂ.શ્રીના દિવ્ય પ્રાગટ્ય દિવસોના ઉપક્રમે પૂ.શ્રીમાની સંનિધિમાં સાધના પર્વ તરીકે ઉજવાય છે. શ્રી રામકૃષ્ણ કથામૃત વાંચીએ છીએ ત્યારે યાદ તાજી થાય છે. શ્રી ઠાકુર કહેતા કે ગૃહસ્થીઓ સંસારરૂપી મેશની કોઠીમાં છે એટલે કાળા તો થવાના પણ વચ્ચે વચ્ચે એકાંત સ્થાનમાં જઇને પોતાના સ્વને શોધવા જવું. બસ! આવું જ એકાંત પૂ.શ્રીમાએ સ્વર્ગારોહણતીર્થનું સર્જન કરીને ભક્તોને પ્રભુ તરફના રસ્તે લઇ જવા સૌને ધન્ય કરી દીધાં છે.

તા. ૧૮–૩–૨૦૧૧ના પ્રભાતે પૂ.શ્રીમાની સંનિધિમાં સવારે ૫.૦૦ કલાકે સમૂહ પ્રણામની બેઠક શરૂ થાય છે. પ્રણામ વંદનાથી પ્રભુ રાજી થાય છે ને સૌના દુઃખ દળાય છે એ શ્રદ્ધા હવે તો પાકી થઇ ગઇ છે. એક કલાકની આ સાધના પછી એક કલાક સુધી વ્યક્તિગત સાધનામાં સૌ સાધકો મસ્ત બની ગયા છે. કોઇ જપ કરે છે, કોઇ પ્રણામ કરે છે, કોઇ ધ્યાન કરે છે, કોઇ ગ્રંથ વાંચે છે, કોઇ પ્રદક્ષિણા કરે છે, કોઇ મનગમતી સેવા કરે છે. નીરવ શાંતિ છે. કોઇ અવાજ નથી કે ભેગામળીને વાતચીત નથી. જાણે ગગનમાં મુક્ત રીતે પોતાની ભ્રમણરેખામાં સ્વતંત્ર રીતે ભ્રમણ કરતાં ગ્રહો જણાય છે. અહીં દરેક સાધક મા–પ્રભુની શરણાગતિ, શ્રદ્ધા ને ભક્તિની ધ્રુવરેખાની આસપાસ જ



ઘૂમે છે. હજારો વર્ષ પહેલાંના કોઇ ઋષિના સ્વર્ગીય આશ્રમની યાદ તાજી થાય છે. ખરેખર એ દૃશ્ય અનેરું છે.

પૂ.શ્રીએ વર્ષો પહેલાં લોસ એંજલિસમાં આપેલ પ્રવચનની ડી.વી.ડી. ભક્તોને પૂ.શ્રીમા દર્શાવે છે.

આખાય પ્રવચનમાં ઉપવાસ–એકાદશીવ્રતને ખૂબ વૈજ્ઞાનિક રીતે રમૂજ કરતાં કરતાં પૂ.શ્રીએ સમજાવ્યું છે. વ્રતનો મહિમા, તેનું તત્ત્વદર્શન આ રહ્યું.

★ ઉપવાસ–વ્રતનું લક્ષ્ય હંમેશાં સમજવાનું છે. એકાદશીવ્રતથી ૧૫ દિવસે શરીરમાં રહેલું દૂષિત દ્રવ્ય દૂર થાય છે. શરીરમાં સ્વસ્થતા આવે છે. પાણી, ફળ, દૂધ પર આ વ્રત કરવું જોઇએ.

★ ઉપવાસ–વ્રતના દિવસે અસત્યભાષણ ન થાય, કટુવચન ન બોલાય, કામ–ક્રોધાદિનો ત્યાગ કરવો. આપણું મન સાત્ત્વિક બને છે, પવિત્ર થાય છે. પરમાત્માની પાસે પહોંચાય તે ઉપવાસ. ઉપવાસમાં મૌન રાખવું વધારે હિતકારી છે.

★ એકાદ દિવસનો ઉપવાસ તો બધાએ કરવો. પેટમાં ઓછામાં ઓછું નાખવું. એટલે વધારેમાં વધારે ભગવાનનું નામ લેવાય. મનથી પરમાત્માનું ચિંતન કરવું, ૧૧ ઇન્દ્રિયોને પરમાત્મા તરફ વહેતી કરવી. જપ વધારવા. આત્મનિવેદન કરવું. દરેક સ્વસ્થ માણસે વ્રત કરવું. વ્રતો કર્યા પછી જીવન નિર્મળ ને પ્રભુમય થવું જોઇએ.

★ હું એકાદશીવ્રતનો પક્ષપાતી છું. એટલું જ નહીં સૌ તે વ્રત કરે તેમ ઇચ્છું છું. વ્રતોથી મનોબળ દૃઢ થાય છે. સંયમ

રાખો. દરેકે પોતાના ગજા પ્રમાણે વ્રત, તપ, સંયમ કરવો.

આ ત્રણ દિવસ વ્રત, તપ, વ્યક્તિગત સાધનાથી અંતરમાં ડોકીયું કરવાનું પ્રેકટીકલ જ સૌને લાગ્યું. થીયરી તો શીખ્યા કે ભગવાન છે. પણ જે છે તેને જોવાનું આ પ્રથમ પગથિયું પૂ.શ્રીમા શીખવે છે. નાનાં બાળકોને માતા ભોજન કરતાં શીખવે તેમ. અહીં પણ ભોજન તો છે પરમાત્માને ઓળખવાનું.

૯.૩૦ થી ૧૨.૩૦ વ્યક્તિગત સાધના. ત્યારબાદ કલાક સુધી ફળોનું ભોજન. વળી ૨ થી ૬ સુધી વ્યક્તિગત સાધના ને વિશેષ સાધના.

રાત્રીની બેઠકમાં પૂ.શ્રીમાએ આપેલા પ્રવચનની ડી.વી.ડી.નું દર્શન કરાવે છે. પ્રાર્થના પર સરળ ભાષામાં, ઉદાહરણ સાથે, પૂ.શ્રીમાએ વર્ષો પહેલાં વાવ ગામે આપેલ પ્રવચન આજે પણ કેટલું ચિરંતન ને વાસ્તવિક છે તેનો ખ્યાલ આવે છે. આ રહ્યો તેનો સાર.

★ પ્રાર્થના સંભળાય છે. ઇતિહાસમાં દૃષ્ટાંત આવે છે કે બાબારનો પુત્ર હુમાયુ બીમાર પડ્યો ત્યારે સાજા થવા માટે બાબરે દિવસો સુધી પ્રાર્થના કરી. હુમાયુ સાજો થયો.

★ ગાંધીજી કહેતા કે પ્રાર્થના મારો ખોરાક છે. ભારતની સ્વતંત્રતા માટે પ્રાર્થના કરી.

★ પૂ.શ્રીએ હિમાલયમાં નામસ્મરણ સાથે પ્રાર્થનાઓ કરી. તપશ્ચર્યા સાથે પ્રાર્થના હોય તો ફળે છે. ભૂખ્યાં તો પશુ પક્ષી પણ રહે છે. પ્રાર્થના એ સાધના છે.

★ ભક્તિમાર્ગે ભગવાનને પ્રસન્ન કરી શકાય. ભગવાનનું



નામ લો. ઓછું ભણેલા હોય તે પણ નામ લઇ શકે છે. જે કંઇ કામ કરતા હોઇએ તે કરતાં કરતાં પણ નામ લઇ શકાય છે. સવારે, બપોરે, સાંજે ભજી શકાય છે. ઘડપણમાં, માંદગીમાં, અસંખ્ય કામમાં હો તો પણ ભજી શકાય છે. ઈશ્વરનું નામ સ્મરણ કરતાં કરતાં ભગવાન પ્રાપ્ત થશે.

★ વિદ્યા મેળવવા, ઓફિસમાં કામ કરતા કરતા, રોગ નિવારણ માટે, ભૌતિક કામના માટે, ખેતીમાં મજૂરી કરતા કરતા, સ્નાન વખતે, ભોજનની થાળી જમતા જમતા, હળ ચલાવતા, પ્રાર્થના–જપ થઇ શકે છે. કરેલી પ્રાર્થના ફળે જ છે. એ વિશ્વાસ રાખો.

પૂ.શ્રીમા હોલમાં પધારે છે. ડી.વી.ડી.નું દર્શન એકાએક બંધ થાય છે. પૂ.શ્રીમા તો સ્વમાં જ ડૂબેલાં છે એટલે તરત જ સ્લેટ પર લખે છે.

“આટલી સરળતાથી જન્મ–મરણ કપાઇ જાય તો કેવું સરસ! એક જ સેકંડમાં સંસાર કપાઇ ગયો ને જંગ જીતી ગયા.”

આજે ૮ ડી.વી.ડી.નું વિમોચન થયું. એની પાછળ થયેલા સાધક બાળના પુરુષાર્થને વધાવતાં પૂ.શ્રીમાં સ્લેટ પર લખે છે.

“ભાઇ સ્નેહલ ને હેમલ વિચારતા હતા કે માની ડી.વી.ડી. માટે કંઇક કરીએ. સુરતના શશીકાંતભાઇ લેખડિયાએ ઉતારેલા વિડિયો પર ભાઇ હેમલે કલાકો સુધી કામ કર્યું ને પછી ભાવેશ અને જનકે કામ ઉપાડી લીધું એટલે આપણા હાથમાં ૮ ડી.વી.ડી. આવી છે.” રૂા.૨૨૫/–માં ૮ ડી.વી.ડી. સૌ ભક્તોને મળે છે. ડી.વી.ડી. ખરીદનારને પ્રાર્થનાની કેસેટો

રીટાબહેન તરફથી પ્રસાદમાં અપાય છે. બાલુભાઇ તરફથી વિમળાબેહનની સ્મૃતિમાં 'શિવમહિમ્ન સ્તોત્ર' પુસ્તક છપાવવા રૂા. ૫૧,૧૧૧ની ભેટ મળે છે. કેનેડાના અંબુભાઇ—હંસાબહેન તરફથી પુણ્યા, નૈતિક, દૃષ્ટા, કાવ્યા ને ઉધ્ધવને લક્ષ્મીજીનો પ્રસાદ અભ્યાસકાર્ય માટે અપાય છે. ૫૦ જેટલાં ભુદેવ દેવીઓને પણ પૂ.શ્રીમા દક્ષિણા આપે છે.

વાદળની કોઇ નિશાની નહીં છતાંય જેમ વરસાદ પડે તો નવાઇ લાગે તેમ અહીં આગોતરી કોઇ જાણ નહીં છતાં થોડી જ મિનિટોમાં જાણે સત્કર્મની વર્ષા માની સંનિધિમાં થઇ ગઇ. સૌ રાજી. સત્કર્મ કરનારા, પ્રેરનારા ને લાભ પામનારા. જોનારા પણ રાજી. જાણે રાજીપાનો જ વરસાદ. પૂ.શ્રીમાની સંનિધિમાં સૌ રાજી રાજી જ હોય છે. કહો કે થઇ જાય છે. મા જ આનંદ સ્વરૂપ છે. એટલે સૌ સહજ રીતે તેની પ્રાપ્તિ કરે છે. શ્રી નારાયણભાઇ જાનીને પૂ.શ્રીમા આગવી રીતે પ્રવચન કરવા કહે છે. સાર આ રહ્યો.

★ રોજ સૂતા પહેલાં વિચાર કરો કે કલ હો ન હો. કદી એમ નથી માનવાનું કે કાલે છીએ જ. આજનો દિવસ છેલ્લો છે એમ માનીને રહો. પૂ.શ્રીના જીવનમાંથી પ્રેરણા મેળવો. અંતકાળે ભગવાનને સ્મરે તો તેને પામે. માટે સૂતાં પહેલાં પ્રભુને સ્મરો.

★ પૂ.શ્રીમાએ ૧૯૮૪ માં ૧૮ મી માર્ચે છેલ્લું અન્ન ભોજન લીધેલું. પૂ.શ્રીની વિદાય પછી ભોજન નથી લીધું. પૂ.શ્રીને માને જીવાડવાં હોય તો જીવાડે. માએ કેવી મોટી બાજી



લગાવી? આજે આપણી વચ્ચે મા ભોજન વિના ૨૭ વર્ષથી લીલા કરે છે. કેવી શ્રદ્ધા! વર્ષમાં ૧૨૫ દિવસ પાણી પણ નથી લેતાં, ૧૯૯૫ પછીથી વાણીને પણ વિરામ. મીઠું—ખાંડ પણ ખોરાકમાં નહીં. કેવી કઠોર સાધના. છતાં પણ પૂ.શ્રીમા આપણી વચ્ચે સ્વસ્થ જીવન જીવી રહ્યાં છે.

★ આજના માનવને બતાવવા પૂ.શ્રી અવતર્યા. માનવીય ગુણોનો વિકાસ કેટલો થઇ શકે. પૂર્ણમહામાનવ એટલે પૂ.શ્રી. પૂ.શ્રીના સર્વોત્તમ ગુણો ઈશ્વરની બરોબરી કરાવી શકે તેવા હતા. પ્રભુ તમને ત્યારે જ મદદ કરે છે જ્યારે તમે તેને સર્વ સમર્પિત કરો છો.

★ પ્રભુ કહે છે કે તારી જવાબદારી લેવા હું તૈયાર છું પણ તારા રાગ—દ્વેષ, અહમ્ છોડીને તું આવવા તૈયાર છો?

★ ધાર્મિકતા એ આધ્યાત્મિકતા નથી. તમારામાં રહેલી ચેતનાનો આધાર લો. દેહની સાથેના અહમ્નો નાશ કરો. અહમ્ જ્યાં ભળે ત્યાં કર્મ બને, ફળ બને. એટલે ભોગવટો થાય. કર્મ ફળની અપેક્ષા વિના કરો.

★ માના વ્રત, તપ, ત્યાગ, શરણાગતિ, શ્રદ્ધા આગળ ભગવાન પણ લાચાર છે. માના શરણમાં આવવાથી મા આપણા દોષોને એકબાજુ રાખીને પ્રેમ કરે છે.

★ મનુષ્ય જન્મ પરમાત્માને પામવાનું પ્રથમ મોટું લાયસંસ છે. સંતસમાગમ પ્રભુને પામવાનું બીજું મોટું લાયસંસ છે.

તા. ૧૯.૩.૨૦૧૧ની રાત્રે પૂ.શ્રીમાએ કૃપા કરીને સૌ ભક્તોને શ્રી ગંગાજીની ડી.વી.ડી.ના દર્શન કરાવ્યા. શ્રી

ગંગાજી, હિમાલય ને પૂ.શ્રીમાનું આવું દર્શન ભક્તોએ ક્યારેય કર્યું નહોતું. ડી.વી.ડી. જોતાં જોતાં ધ્યાનસ્થ થઇ જવાય. એક બાજુ સુંદર પ્રકૃતિ ને બીજી બાજુ મા. અવર્ણનીય દશ્યોને સૌ ભક્તો આંખમાં ભરી દે છે કે ઘેર જઇને ધ્યાન કરીશું. બસ! આત્મનંદની આ મસ્તીને માણી માણીને સૌ વિચારવા લાગ્યા કે આ ડી.વી.ડી. મળે તો કેવું સારું! આપણે તો પ્રાર્થના કરીએ કે એ પણ મળે.

સાધના અને માની સંનિધિમાં ત્રણ દિવસ પ્રેમે પસાર થઇ ગયા કહો કે પૂ.શ્રીમા સાથે ધન્યતાથી જીવાઇ ગયા, સાર્થક થઇ ગયા. ત્રણ દિવસ પૂરા થયા એટલે પૂ.શ્રીમાએ ભક્તોને આશીર્વાદની વર્ષાથી નવરાવી દીધાં. થેંક્યું મા.

★ જીવનભર વિદ્યાર્થી રહો ને પરીક્ષા જ ના આપો તો કેમ ચાલે? સામેથી પેપર માગો.

★ 'મા' તો સાચા ભક્તને સતત ઝંખે. 'મા'નું ચાલે તો ભક્તને જવા જ ન દે.

★ જાગેલા જ જગાડશે. પામેલાં જ પમાડશે.

★ સદ્‌ગુરુના સંગથી જાગી જવાય. અન્ય લાખ ઉપાય કર્યાથી ન જગાય.

—મા



# સજા કરતાં ક્ષમા ચડે

મુકુન્દરાય વિ. પારાશર્ય

પ્રભાશંકર પાસે વડીલોપાર્જિત કંઇ ધન હતું નહીં. તેમનાં લગ્ન મોરબીના રાજવૈદ વિશ્વનાથનાં પુત્રી રમાબહેન વેરે થયેલાં. હજૂર સેક્રેટરીના હોદ્દા પરથી પ્રભાશંકર દીવાનપદે આવ્યા પછી થોડા વખતમાં એક વાર ડિસ્ટ્રિક્ટમાં ગયેલા ત્યારે પાછળથી તેમના બંગલામાં ચોરી થઇ અને રમાબહેનની ઘરેણાની પેટી ચોરાઇ ગઇ. રમાબહેન ઘણાં ઉદ્વિગ્ન થઇ ગયાં. પોલીસ તપાસ શરૂ થઇ. પ્રભાશંકરભાઇના બંગલામાં કામ કરનાર એક નોકર પર શંકા જવાથી પોલીસ તેને લઇ ગઇ. તે નોકરની સ્ત્રી પણ રમાબહેન પાસે કામ કરતી.

વળતે દિવસે સવારે પ્રભાશંકરભાઇ ડિસ્ટ્રિક્ટમાંથી પાછા આવ્યા ને ઘોડાગાડીમાંથી ઊતરે તે પહેલાં જ પેલી બાઇએ આવી પગ પકડી રોવું શરૂ કર્યું. પ્રભાશંકરભાઇએ કારણ પૂછતાં જણાવ્યું કે બંગલામાં ચોરી થવાથી, શંકા પરથી પોલીસ તેના ધણીને લઇ ગયા છે ને માર મારે છે. આમ કહી તેને છોડવવા અરજ કરી.

ત્યાં તો રમાબહેન પણ આવી ગયાં. તેમણે જણાવ્યું કે 'પોલીસને જો કામ કરવા ન દઇએ તો કદાચ ઘરેણાં પાછાં ન આવે.'

પ્રભાશંકરભાઇએ કહ્યુંઃ 'જેમ તમને મારી, તેમ આ બાઇને તેના પતિની ચિંતા રહે જ ને? આપણા કારણે તેને દુઃખ ન પડે તે આપણે જોવું જોઇએ.' આમ કહી પ્રભાશંકરભાઇએ એ જ વખતે પકડેલા માણસને છૂટો કરી તુરંત અનંતવાડી (પોતાને

બંગલે) પહોંચતો કરવા પોલીસ–ઉપરી ઉપર ચિઠ્ઠી લખી અને પોતે આવેલા તે ગાડીના ગાડીવાનને જ તે ચિઠ્ઠી આપી ગાડીમાં રવાના કર્યો, ને પોતે માણસની રાહ જોતા પહેર્યે કપડે ત્યાં પોર્ચમાં જ બેઠા.

પોલીસ–ઉપરી પેલા માણસને લઇ આવ્યા. પ્રભાશંકરભાઇએ તેમને કહ્યુંઃ ‘બંગલામાં ચોરી થઇ છે ને પોતાના ઘરેણાં ગયાં તેથી શ્રીમતી પટ્ટણીને દુઃખ થયું છે. તમે ચોર શોધી કાઢવા મહેનત કરો છો, પણ મારે જણાવવું છે કે અમને કોઇ પર વહેમ નથી. બીજું : મારા ઘરમાં રહેનાર કોઇ માણસ ચોર હોય જ નહીં. આ ઘરમાં કામ કરનાર માણસ કોઇ નોકર નથી પણ મારા હાથ–પગ છે. હાથ–પગ કોઇ દિવસ ચોર ન હોય. એટલે તમે આને અત્યારે છૂટો કરી દ્યો. ઘરેણાં ન જડે તો કંઇ નહીં. મને મારો માણસ પાછો મળી જવો જોઇએ.’

‘હા જી.’ કહી પોલીસ અધિકારીએ આજ્ઞા માથે ચડાવી.

પ્રભાશંકરભાઇએ પેલા માણસને કહ્યું : ‘તમે ઘરમાં હતાં ને ચોરી થઇ તેથી પોલીસને વહેમ આવ્યો; પણ મને વહેમ નથી. તમે બંને જણા મારા ઘરનાં જ માણસો છો; તો જેમ કામ કરતાં’ તાં તેમ જ કરજો. મારે ઊલટું તમને વધારે જવાબદારી સોંપવી છે.’ કહી પોતાનાં કપડાં ઉતારી પાકીટ સહિત એ જ વખતે સાચવવા આપ્યાં.

આઠ દિવસ પછી એક દિવસ સવારે પ્રભાશંકરભાઇ તથા રમાબહેન બહાર બાગમાં બેઠાં હતાં ત્યાં પેલો માણસ પેલી ઘરેણાંની પેટી લાવી તેમના પગમાં મૂકી રોઇ પડ્યો ને કહ્યું : ‘તમે તો દયાળુ છો, પણ મારાથી આ ખમાતું નથી. મને પાછો પોલીસને સોંપી દ્યો ને સજા કરો.’



પ્રભાશંકરભાઇએ કહ્યુંઃ ‘ભગવાન દયાળુ છે. એ કોઇને સજા નથી કરતા, પણ દરેકને સારા થવાની તક એ આપ્યા કરે છે. તમે એ તકનો લાભ લઇ લો.’ પ્રભાશંકરભાઇએ તે માણસને એ વખતે રૂપિયા એકસો તથા તેની સ્ત્રીને ત્રણ કપડાં ઇનામમાં આપ્યાં. આ પછી વર્ષો સુધી એ બંને માણસો અનંતવાડીમાં કામ કરતાં રહ્યાં.

આ પ્રસંગે પોતે ચિઠ્ઠી લખી ગાડીવાનને રવાના કર્યા પછી પોર્ચમાં સાવ એકલા બેસી પેલા માણસની રાહ જોતા હતા ત્યારે પ્રભાશંકરભાઇએ કાગળની કાપલી પર નીચેની લીટી લખી નાખી :

**જે ચીજો કે વસુવિભવથી લોકને મોહ થાય,**
**ને જે મોહ હૃદય જનનાં પાપ માટે તણાય,**
**તે પૈસા કે વિભવ અમને સ્વપ્નમાંયે હશો મા,**
**એવાં હોયે સુકૃત કદી તો સુકૃતોયે થશો મા.**

(‘મિત્ર માંથી સાભાર’)

★ નાની હોડી મોટી સ્ટીમર સાથે બાંધી દેવી તે ભવપાર લઇ જાય.

★ સતત જાગૃતિ એ જ સાધના.

★ ગુરુ ક્રમે ક્રમે સદ્‌ગુરુ, પરમગુરુ ને જીવન સર્વસ્વરૂપે બિરાજે.

**—મા**

# પ્રગટ્યું નવલું પ્રભાત

(ગતાંકથી શરૂ) ડો. બી. જે જાગાણી

પૂ. શ્રી મા હવે સ્લેટ પર ચિન્મય નામના એક બાળકની રક્ષા કથાનો ઉઘાડ કરે છે.

"૨૦૧૦નો ઉઘાડી આંખનો આશીર્વાદનો થાળ આપણી સાથે જ છે. તમે સૌ જાણો જ છો કે આપણો ચિન્મય યમદ્વારને ખખડાવીને પાછો આવી ગયો છે. એ બાળકની પડખે સતત પરમાત્મા હતા. આજે આપણા ચિન્મયના નવા જીવનનું પ્રાર્થના સાથેનું સન્માન કરીશું."

ચિન્મય ઉભો થાય છે. ભક્તો રક્ષમામ્‌ની ધૂન ગાય છે. પૂ.શ્રીમા રક્ષા બાંધે છે. રક્ષમામ્‌ની શાલ ઓઢાડે છે. પીઠ પર આશીર્વાદ આપે છે. બૂકે પણ આપે છે. સ્વયં ભગવતી સ્વરૂપા પૂ.શ્રીમાએ રક્ષા કરી અને તે રક્ષા કેવી રીતે થઇ તેનું નાનકડું અપ્રસિદ્ધ પુસ્તક કોઇપણ વાંચી શકે તે માટે ઓફિસમાં રાખ્યું છે. સમય સમય પર તે પ્રસંગકથા પ્રસિદ્ધ થશે.

ચિન્મય પોતાની સ્મૃતિ પ્રમાણે આખીય ઘટનાનું વર્ણન કરે છે. રેલ્વેનો એક્સીડેન્ટ કેવી રીતે થયો, સાત દિવસ બેભાન રહ્યો, વેન્ટીલેટર પર રહ્યો. કેવી રીતે નવજીવન પામ્યો. આ બધું સાંભળીને પૂ.શ્રીમા સ્લેટ પર લખે છે—

"પ્રભુની પૂર્ણ કૃપા કેવી હોય તેનું જીવતું જાગતું મંદિર ચિન્મય તો જીવનમાં કદી ના ભૂલી શકે પણ આપણે પણ મા—પ્રભુની કૃપાને ના ભૂલી શકીએ. એ આખી સત્યકથાને વાંચો તો



જ ગંભીરતા સમજાય. જરૂર વાંચજો. ભાઇ ચિન્મયની રક્ષા હવે પછી પણ થતી રહે ને આપણી પણ રક્ષા થતી રહે તો જ ધૂન ગવાશે. પ્રભુ નવા વરસે સૌને પોતાની યથાશક્તિ શ્રદ્ધા, ભક્તિ વધારવાની કૃપા કરે. મહાપુરુષ મળ્યા છે તો આપણે પણ એમના સંગે જરાક ઉજળા થતા જઇએ. તમે સૌ ખરેખર શાસ્ત્રમાં વર્ણવેલાં ત્યાગી જેવાં છો. ઘર છોડીને સ્વર્ગારોહણમાં દિવાળીમાં આવવું ને તે પણ આખા પરિવાર સાથે."

"કેટલા બધા પરિવાર આખા અહીં આવ્યા છે. પ્રભુની પરમ કૃપાથી પ્રભુ જ આપણા મન અંતરને સતત આકર્ષણનું જાદું કર્યા કરે છે. એટલે વાર તહેવારે પણ સ્વર્ગારોહણ જવાનું મન થાય છે."

"અહીં આવવું પ્રભુની ઇચ્છા વિના શક્ય નથી. એટલે આપણા પર થોડું થોડું પ્રભુનું રાજ શરૂ થયું ગણી શકાય. એટલે પ્રાર્થના કરવી કે હે પ્રભુ! ૧૦૦ ટકા રાજ કરી દો. સૌ આવ્યા છો પરિવાર સાથે તેમને વિશેષ પક્ષપાત કરીને આશીર્વાદ પ્રભુ આપે છે."

"આજના જેવું મુક્ત પ્રભાત જેના જીવનમાં કૃપા હોય તેને જ મળી શકે. હવે આ નવા વરસે ૨૫ ફૂલ પૂ.શ્રીના શ્રી ચરણે ધરવાનાં છે. તમને થશે તો તો બે જ મિનિટમાં ચઢી જાય. પણ એ ફૂલ જરા અલગ પ્રકારનાં છે. તમારી પાસે તપ કરાવી લે તેવાં છે. પલાંઠી ના છોડવા દે તેવાં છે. ભૂખ, તરસ ભૂલાવી દે તેવાં છે. એક પણ પાઇનો ખર્ચો નથી. એ પૂજામાં પાટલા, ચોખા, ભૂદેવ, કંકુ, દક્ષિણા—કોઇ વસ્તુની જરૂર નથી. આપણે જ આપણી રીતે પૂજા કરવાની છે. આપણાં ગુરુદેવની સરસ

સ્તુતિ ૫૨(બાવન) લીટી રોજ ગાઈએ છીએ તે બાવનીના ૨૫ ફૂલની પૂજા કરવાની છે. ૨૫ જુદા—જુદા રાગ જયુ—મયૂરીએ તૈયાર કર્યા છે. એટલે દરેક સ્તુતિનો એ રાગ બદલશે. માત્ર પૂ.શ્રીની સ્તુતિના જ ૨૫ ફૂલ અર્પણ કરવાનાં છે.''

નવમંત્રગાન થાય છે. વિવિધ રાગમાં પૂ.શ્રીની બાવનીઓ ગવાય છે. પૂ.શ્રીમાની સતત સંનિધિ છે. વચ્ચે વચ્ચે પૂ.શ્રીમા સ્લેટ પર આશીર્વાદની વર્ષા પણ વરસાવતાં જાય છે. બાવનીની રચનાનો ઈતિહાસ પૂ.શ્રીમા સહજ રીતે સ્લેટ પર લખે છે.

''આબુમાં ૧૯૮૦માં પૂ.શ્રી સાથે અમે હતાં ત્યારે એક દિવસ અમને બાવની લખવાની ઈચ્છા થઈ. બે લીટી લખી ને પૂ.શ્રીને બતાવી. પૂ.શ્રીએ કહ્યું કે લખી શકાશે. એટલે બે ચાર દિવસમાં જ બાવની થોડીક લખાઈ. પછી અંબાજી આવ્યાં. વિશ્રામગૃહના ૧૦ નંબરના ઓરડામાં ઉતર્યાં. ત્યાં રહ્યાં ત્યારે તે બાવનીની છેલ્લી લીટીઓ પૂરી થઈ. શરૂઆતમાં તો અમારે પણ કાગળમાં જોઈ જોઈને ગાવી પડતી હતી. તમે બધા મળ્યા તો એ સ્તુતિનો આટલો પ્રસાર થયો. આ ૨૦૧૦માં આવી જ પૂજા સસ્તી પડે. મન, તન મસ્ત બનીને ગુરુ ભગવંતના ચિંતનમાં ખોવાઈ જાય છે તે જ સાચી પૂજા છે.''

સતત બાવની ગવાય છે. પૂ.શ્રીમા પણ આ બાવનીમાં ડૂબી જાય છે. ભક્તો પાસે વિશિષ્ટ રીતે એક બાવની કરાવી લે છે. સ્લેટ પર પૂ.શ્રીમા લખે છે.

''આપણે એવું સાંભળેલું છે, વાંચેલું છે કે ધ્રુવે એક પગે ઊભા રહીને તપ કરેલું છે. એક બાવની બે પગે ઊભા ઊભા



કરી લઈએ.'' સૌ ભક્તો ઊભા ઊભા એક બાવની કરે છે.

પૂ.શ્રીમાને મન આજે ૨૫ બાવની સમૂહમાં ગવડાવવાનો સંકલ્પ છે. સૂર્યાસ્ત પહેલાં જ ફૂલ કરમાઈ જાય તે પહેલાં પ્રભુને ચઢાવી દેવાનાં છે.

બપોરના ૧૧ વાગ્યા છે. પૂ.શ્રીની અમૃતવાણી સાંભળવાનો બેલ વાગે છે. પ્રભાતની શરૂઆત બાવનીથી ને આ બેઠકનો અંત પણ બાવનીથી થાય છે. મા, પ્રભુ, બાવની ને સત્કર્મ જ અહીં પ્રાધાન્ય છે. નવલા પ્રભાતની વિશેષતા, ભક્તો પર વરસતા મા—પ્રભુના આશીર્વાદ, ભક્તો દ્વારા થતી બાવનીરૂપી—ફૂલોથી પૂજા, સત્કર્મોની સરવાણી વાગોળતાં વાગોળતાં જીવન ધન્ય બને છે.

(ક્રમશઃ)


ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# કઠ ઉપનિષદ

(ગતાંકથી આગળ) **—યોગેશ્વરજી**

(૪)

**યમનાં પ્રલોભન**

નચિકેતાની જિજ્ઞાસા ને દૃઢતા જોઈને યમદેવ ખરેખર પ્રસન્ન થયા હતા. પરંતુ જ્ઞાન મેળવવાની તેની યોગ્યાયોગ્યતાની વધારે કસોટી કરવાની ઈચ્છાથી તે તેની આગળ જુદીજુદી દલીલો કરી રહ્યા હતા. નચિકેતાને પોતાની માગણીમાં મક્કમ જોઈને તેની આગળ તેમણે બીજાં મોટાં પ્રલોભનો રજૂ કરવા માંડ્યાં. તે પ્રલોભનોના પ્રભાવથી કોઈ પણ સાધારણ માણસ ચલિત થઈ જાય ને સત્યના અન્વેષણનો માર્ગ મૂકી દે તેમ હતું. યમદેવતાએ આત્મજ્ઞાનની ઈચ્છાવાળા તે નાના બાળકને ડગાવવાની ઈચ્છાથી કહેવા માંડ્યું:

'હે નચિકેતા! તારી ઈચ્છા હોય તો સો—સો વરસના આયુષ્યવાળા પુત્રો ને પૌત્રોની માગણી કર. ઘણાં પશુ માગ; હાથી, સોનું ને ઘોડા માગ; તારી ઈચ્છા હોય તો મોટું સામ્રાજ્ય પણ માગી લે ને તારું પોતાનું ઈચ્છા પ્રમાણેનું આયુષ્ય માગ. આના જેવું અથવા આથી પણ મોટું કોઈ બીજું વરદાન જોઈતું હોય તો તેની પણ માગણી કર. ધન તથા દીર્ઘજીવન માગ. આ વિશાળ ધરતીનો તું સમ્રાટ થા. તારી બધા પ્રકારની ઈચ્છાઓ પૂરી કરવા હું તૈયાર છું.'

એથી પણ આગળ વધીને યમદેવતા કહે છે: 'આ મૃત્યુલોકમાં સાધારણ રીતે જે વસ્તુઓ અશક્ય જેવી હોય ને જે



ઈચ્છાઓની પૂર્તિ મુશ્કેલ મનાતી હોય, તેવી ઈચ્છા પણ તું રજૂ કર ને તેવી વસ્તુની પણ માગણી કર. સુંદર રથ ને વાજિંત્રોથી સુશોભિત એવી આ સુંદર લાવણ્યમયી સ્ત્રીઓ નથી મળતી. આ બધી સ્ત્રીઓ હું તારી સેવામાં સમર્પિત કરું છું. તું તેમનો લાભ લે ને તેમની સેવાથી સંતુષ્ટ થા. પરંતુ હે નચિકેતા, મરણના રહસ્યનું જ્ઞાન મેળવવાની વાત મૂકી દે. તે વિશે મને ન પૂછ.'

(૫)

**નચિકેતાનો ઉત્તર**

ઉપનિષદના આ શ્લોકો ખરેખર સુંદર ને યાદ રાખવા જેવા છે, ને તેથી પણ સુંદર, સ્મરણીય ને મનનીય નચિકેતાએ આપેલા ઉત્તરના હવે પછીના શ્લોકો છે. યમ ને નચિકેતાના સંવાદના આ શ્લોકો તેના ઊંડાણ માટે જ નહીં, પરંતુ તત્ત્વજ્ઞાન, ભાવ માધુર્ય ને શબ્દલાલિત્ય માટે ખરેખર પ્રશંસનીય છે. પોતાની સરળતા, પ્રાસાદિકતા, ભાવમયતા ને ગંભીરતાથી તે હૃદયમાં ઊંડી અસર કરી જાય છે. તેની છાપ જીવનભર ન મટે તેવી છે. એ શ્લોકમાં ભારતીય સંસ્કૃતિનું હાર્દ સમાયેલું છે. ઈશ્વરની શોધ, અમર જીવન કે આત્મોન્નતિને માર્ગે આગળ વધતા કે વધવા માગતા સાધકના જીવનમાં કેવાં પ્રલોભનોને ભયસ્થાનો આવે છે ને સાધકે તેમનાથી કેટલા બધા સજાગ રહેવાની જરૂર છે તેનો ખ્યાલ આ શ્લોકો પરથી સહેજે આવી રહે છે. મોટા ભાગના સાધકો આ ને આવી જાતનાં બીજાં પ્રલોભનોમાં પડીને પોતાનો મૂળ માર્ગ ભૂલી જાય છે કે મૂકી દે છે ને આગળ વધતા અટકી જાય છે. પરંતુ આત્મિક વિકાસના સાધકે સતત સાવધ રહેવાની ને નિરંતર વિકાસ કરવાની જરૂર

છે. તે વાત હવે પછી આવતા નચિકેતના સુંદર પ્રત્યુત્તરના શ્લોકોમાં સારી પેઠે સમાયેલી છે.

આત્મોન્નતિની ઇચ્છાવાળા સાધકમાં કેવી નીડરતા, મક્કમતા ને આદર્શપરતા હોવી જોઈએ તેની સમજ એ શ્લોકો પરથી સહેજે મળી રહે છે. એ સુંદર શ્લોકોમાં પોતાની સમજ ને પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરતાં વિવેકી નચિકેતા કહે છે : 'હે યમદેવ! તમે જે વિષયો કે પદાર્થો કહી બતાવ્યા તે કાયમ માટે રહેનારા નથી. તે નાશવાન અથવા ક્ષણભંગુર છે. વળી તે ઇંન્દ્રિયોના તેજ ને સામર્થ્યનો નાશ કરે છે. જીવન તો પ્રમાણમાં ઘણું ટૂંકું છે. ચપલાના ચમકારા જેવા એવા ટૂંકા જીવનમાં માણસ વિલાસ, વૈભવ ને ઇંન્દ્રિયોના ભોગો પાછળ પડે તો પછી જીવનનો જરૂરી વિકાસ ક્યારે કરે? ડાહ્યા માણસે તો પોતાનો બધો સમય ને પોતાની સઘળી શક્તિ આત્મોન્નતિ માટે વાપરવાનો નિર્ણય કરવો જોઈએ જેથી ટૂંકા જીવનમાં તે કોઇ મહત્ત્વની સિદ્ધિ મેળવી શકે. માટે તમારાં વાહનો, નૃત્યો ને ગીત તમને જ મુબારક હો. મારે તેની જરા પણ જરૂર નથી.'

નચિકેતાના આ ઉત્તરમાં આત્મજ્ઞાનની તીવ્ર તરસ ને સાંસારિક સુખો તરફની પૂર્ણ ઉપરામતાનું દર્શન થાય છે. ભારતીય સંસ્કૃતિનું હાર્દ પણ તેમાં દેખાઇ આવે છે. જગતમાં જે કાંઇ દેખાય છે, સંભળાય છે કે અનુભવાય છે તે બધું ક્ષણિક, પરિવર્તનશીલ કે નાશવાન છે; તે આજે જે રૂપમાં દેખાય છે તે રૂપમાં ઘડી પછી કે કાયમને માટે નથી રહેતું. તેમાં આસક્ત થઇને માણસે પોતાના જીવનના મૂળ ધ્યેયને ભૂલી જવાની કે મૂકી દેવાની જરૂર નથી. નચિકેતાના ઉત્તરના પ્રથમ શ્લોકના



પ્રથમ શબ્દ 'શ્વોભાવા'માં આ ભાવ ગર્ભિત રીતે સમાયેલો છે.

આત્મજ્ઞાન કે અમર જીવન અથવા સત્યની શોધની આવી તીવ્ર તરસ વિના સાધકને કોઇ નક્કર વસ્તુ કે સિદ્ધિની પ્રાપ્તિ નથી થતી. યમદેવતાનાં મોટાં—મોટાં પ્રલોભનોથી પણ નચિકેતા પ્રભાવિત ન થયો તેનું કારણ અંતરની આ તીવ્ર ને અદમ્ય તરસ જ હતું.

પોતાના વિવેક ને દૃઢ નિશ્ચયને રજૂ કરતાં તે આગળ કહે છેઃ 'હે યમદેવ! સંપત્તિથી માણસને શાંતિ નથી મળતી, અમરતાની પ્રાપ્તિ નથી થઇ શકતી. સંપત્તિની સહાયથી માણસ બહુબહુ તો સાંસારિક સુખની પ્રાપ્તિ કરી શકે છે; પરંતુ તેથી જન્મ ને મરણના રહસ્યનો ઉકેલ નથી લાવી શકતો. દીર્ઘ જીવનનું જે વરદાન આપવા તમે તૈયાર થયા છો. તે વિશે તો મારે એટલું જ કહેવાનું છે કે તમારી ઇચ્છા હશે ત્યાં સુધી હું આ પરિવર્તનશીલ સંસારમાં શ્વાસ લઇ શકીશ. તે નક્કી છે. માટે મને તો કૃપા કરીને મેં જે માગ્યું છે તે જ વરદાન આપો. હે દેવ! તમે અજર ને અમર છો. બધી રીતે માનવનું મંગલ કરવાની તમારી શક્તિ છે. તો તમારી પાસે આવીને તો માણસે ક્ષણભંગુર ભોગોમાંથી મનને પાછું વાળીને જીવનનું શ્રેય કરવાનો જ સંકલ્પ કરવો જોઇએ ને તે સંકલ્પને ગમે તે ભોગે પણ વળગી રહેવું જોઇએ. માટે તો મને પણ મરણ પછીના જીવન વિશે જે સંશય થયો છે તેનું નિવારણ કરતો ઉપદેશ આપો. મેં જે વરદાન માગ્યું છે તે જ મને પ્રદાન કરો. બીજા ગમે તેવા મોટા કે નાના વરદાનની મને લેશમાત્ર પણ ઇચ્છા નથી.'

કઠ ઉપનિષદના આ શ્લોકો ને ભાવો અત્યંત વેધક છે. માનવહૃદયને તે તરત સ્પર્શે છે ને હૃદયસોંસરા ઊતરી જાય છે.

કેટલાક માણસો માની બેઠા છે તેમ સાંસારિક સુખોને મિથ્યા માનવાની કે અવગણવાની ફિલસૂફીનો સમાવેશ નથી થતો. પરંતુ તેમની વિવેકપૂર્વકની મર્યાદાને યાદ રાખી તેમાં આસક્ત થયા વિના આત્મોન્નતિને ઉત્તમ માર્ગે આગળ વધવાનો સૂર સમાયેલો છે. સાંસારિક પદાર્થો ને ભોગોનો તિરસ્કાર કરવાનો ઉપદેશ ઉપનિષદ નથી આપતું. ફક્ત તેના નશામાં તદ્દન આંધળાભીંત થઈને જીવનના શ્રેયની વાત વીસરી ન જવાય તે માટે સાવધાન કરવા તે લાલબત્તી ધરે છે એટલું જ, આટલી વાત સમજી જવાય તો વૈરાગ્ય ને ત્યાગને નામે આપણે ત્યાં જે અકર્મણ્યતા ને સંસારના ધિક્કારની વૃત્તિ જાગી ને ફાલી છે તેનો અંત આવશે.

નચિકેતાના શબ્દો સાંભળીને આપણું અંતર આનંદ ને આદરભાવથી નાચી ઊઠે છે. ભારતવર્ષના એ નાના પરંતુ આદર્શ બાળકને માટે આપણા દિલમાં અપાર પ્રેમ ને ઉમળકા ઉછાળા મારે છે. ખરેખર, નચિકેતા આ દેશની સંસ્કૃતિમાં એક અત્યંત ઓજસ્વી ને સુવર્ણાક્ષરે લખાયેલું પાત્ર છે. આ દેશ ને પરદેશમાં જ્યાં—જ્યાં ઉપનિષદ ને તેનું જ્ઞાન છે ત્યાં તે અમર છે. આજ સુધી તેણે અનેક માનવહૃદયને પ્રેરણાનું પીયૂષ પાયું. તાજગી ને ઊર્મિ આપી, ને આજે પણ ન જાણે કેટલાંય દિલમાં દીપક બનીને પ્રકાશ પાથરવાનું તેનું કામ ચાલુ હશે. તેની કસોટી કરનાર યમનું મન પણ તેને માટેના માનના ભાવથી ભરાઈ ગયું. એ કસોટી અથવા પ્રલોભનોની પરંપરા જે એવી હતી કે મોટામોટા ડાહ્યા ને પંડિત પુરુષો પણ તેમાં અટવાઈ ને ફસાઈ જાય; તેમાંના એકાદબે પ્રલોભનો જ સાધારણ માણસના મોંમા પાણી લાવવા માટે પૂરતાં હતાં, ત્યારે નચિકેતા તો બાળક



હતો. પરંતુ વિવેકની દ્રષ્ટિએ તે વયોવૃદ્ધ હોવાથી જ બધાં પ્રલોભનોની પાર પહોંચીને અડગ રહી શક્યો. યમદેવ તેની યોગ્યતા જોઈને એને શાબાશી કે ધન્યવાદ ન આપે ને તેની આગળ પોતે આપેલા વરદાનને વફાદાર રહીને જ્ઞાનના સાચા રહસ્યને ખુલ્લું ન કરી દે તે બને જ કેમ? માણસ મોટો હોય કે નાનો, તેના જ્ઞાન ને તેની યોગ્યતાને આ દેશમાં હંમેશાં કદર થતી. નચિકેતાની પણ કદર કરીને યમદેવે તેને માટે પ્રશંસાત્મક શબ્દોનો પ્રયોગ કરતાં કહેવા માંડ્યુંઃ

'હે નચિકેતા, સંસારના પ્રિય પદાર્થો ને તેના ઉપભોગની ઈચ્છાને અત્યંત ડહાપણ તથા દૂરંદેશીનો ઉપયોગ કરીને તે છોડી દીધી છે. જેને જીવનનું સર્વસ્વ સમજીને મેળવવા માટે માણસો રાત ને દિવસ રચ્યાપચ્યા રહે છે ને આંખો મીંચીને પરિશ્રમ કરે છે, તે ધન ને સંપત્તિથી તું અજાણ્યો નથી, ચલિત નથી થયો, ને તેની લાલસામાં ફસાયો નથી. તને કેવળ સત્ય જ્ઞાનની જ ભૂખ છે. તેથી કોઈ પણ કામના તને લલચાવી નથી શકી. મોટા મોટા પંડિતો પણ મૂઢની જેમ અવિવેકી બનીને, ધન ને બીજા પદાર્થોના મોહમાં અંધ બનીને જીવનનું સાચું ધ્યેય ભૂલી જાય છે, ને પોતાને મહાબુદ્ધિમાન માનીમનાવી આ સંસારમાં ફર્યા કરે છે. પરંતુ નાની વય છતાં તું તારા વિવેક ને તારી માગણીમાં તું મક્કમ રહ્યો તે માટે તને જેટલા પણ અભિનંદન આપું એટલા ઓછા છે. ખરેખર, તારા જેવો સુયોગ્ય જિજ્ઞાસુ મને કોઈ નહીં મળે. હું તને ખરેખર ધન્યવાદ આપું છું. તારો દૃઢ નિશ્ચય જોઈને મારા દિલમાં તારે માટે અપાર માન ઉત્પન્ન થયું છે.'

# સાર વચનો

—પૂ.શ્રી મોટા

**સંસારી માણસોને જ દુઃખ આવે છે એવું નથી. અનુભવીને—જ્ઞાનીને પણ એવું બધું આવે છે, પણ એ એનો સ્વીકાર જુદી રીતે કરે છે. એ લોકો એમ સમજે છે કે મારે અને મારા ભગવાનની વચ્ચે ભાવના કમીપણાને બઢવવાને માટે એ એક તક છે. જ્યારે સંસારી માણસ હાયવોયથી કંટાળીને ત્રાસીને સ્વીકારે છે, પરિણામે દુઃખને બેવડાવે છે.**

★ ★ ★

**આ કાળ મંદિરો બંધાવવાનો નથી. મારા ગુરુમહારાજે મને બતાવેલું કે કાળ પ્રમાણે કર્મ કરજે બેટા! પરમાર્થનાં ઘણાં બધાં કર્મો છે. દવાખાનાં, ધર્મશાળા, મંદિર વગેરે, પણ હું તમને સાફ કહું છું કે આ કાળ મંદિરો બંધાવવાનો નથી. મંદિરો બંધાવે છે એવા સાધુઓ પણ અનુભવી નથી. ભલે ગમે તેવા મહાનમાં મહાન પંકાયેલા હોય. હું તો નાનકડો છું, પણ અનુભવથી કહું છું કે આ કાળ, સમાજનું મંદિર બાંધવાનો કાળ છે.**

**મારું શરીર હિંદુ કોમનું હોવા છતાં, હું કોમવાદી નથી.**



# વૈદિક શાંતિમંત્રો અને સ્તોત્રો

—સ્વામી વિદિતાત્માનંદ

## શાંતિપાઠ

શાસ્ત્રના શ્રવણ માટે મન શાંત, સજાગ અને એકાગ્ર હોય એ આવશ્યક છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોનું મન બનેલું છે. અને કોઈ એક ગુણ ગમે તે સમયે બીજા બેની સરખામણીમાં પ્રબળ હોય છે. જ્યારે તમોગુણ પ્રબળ હોય ત્યારે આળસ, નિદ્રા, પ્રમાદની અસરમાં મન હોય છે. આળસ હોય ત્યારે શ્રવણમાં રસ પડતો નથી. પ્રમાદ હોય ત્યારે મન બીજા જ વિષયોનું ચિંતન કરતું હોય છે, તેનામાં સાવધાની હોતી નથી. નિદ્રાના પ્રભાવમાં તો શ્રવણ શક્ય નથી. વળી, જ્યારે રજોગુણ પ્રબળ હોય ત્યારે ચિત્તમાં વિક્ષેપ હોય છે, એકાગ્રતાનો અભાવ હોય છે. મનમાં સત્ત્વગુણની પ્રધાનતા હોય ત્યારે જ મન શાંત અને એકાગ્ર હોય છે અને શાસ્ત્રના સૂક્ષ્મ અર્થગ્રહણની તેમાં ક્ષમતા હોય છે આથી, તમોગુણ અને રજોગુણની અસર ક્ષીણ કરવા માટે તથા સત્ત્વગુણનો આવિર્ભાવ કરવા માટે શાસ્ત્રના અધ્યયનના પ્રારંભમાં શાંતિમંત્રનો પાઠ કરવાની પ્રથા છે.

શાંતિમાં ત્રણ પ્રકારના અંતરાય ઊભા થવાની શક્યતા હોય છે : આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક. શારીરિક કે માનસિક પીડામાંથી ઉત્પન્ન થતા અંતરાય આધ્યાત્મિક છે. આસપાસના માણસો, પ્રાણીઓ કે જીવ—જંતુઓથી ઉત્પન્ન થતા અંતરાય આધિભૌતિક છે. કુદરતી કોપ જેવા કે ઝંઝાવાત, ધરતીકંપ વગેરેથી ઉત્પન્ન થતા અંતરાય આધિદૈવિક કહેવાય

છે. શાંતિમંત્રમાં આ બધાં પરિબળોનું નિયમન કરતા દેવતાઓને અને તે દ્વારા ઈશ્વરને પ્રાર્થના કરવામાં આવે છે કે, વક્તાનું તથા શ્રોતાનું મન આ બધા અંતરાયોથી મુક્ત રહે. આ ત્રણ અંતરાયોથી મુક્ત રહેવાની પ્રાર્થનાના નિમિત્તે શાંતિમંત્રના અંતમાં ત્રણ વાર ઓમ્ શાન્તિઃ એમ ઉચ્ચારણ કરવામાં આવે છે.

**ॐ शं नो मित्रः शं वरुणः । शं नो भवत्वर्यमा । शं न इन्द्रो बृहस्पतिः । शं नो विष्णुरुरुक्रमः । नमो ब्रह्मणे । नमस्ते वायो । त्वमेव प्रत्यक्षं ब्रह्मासि । त्वमेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं वदिष्यामि । सत्यं वदिष्यामि । तन्मामवतु । तद्वक्तारमवतु । अवतु माम् । अवतु वक्तारम् । ॐ शांतिः शांतिः शांतिः ॥ १॥**

ॐ—ઓમ્ शम्— સુખકારી नः—અમારે માટે मित्रः—મિત્ર(દિવસ અને પ્રાણવૃત્તિના અભિમાની દેવતા) शम् — સુખપ્રદ वरुणः વરુણ(રાત્રિ અને અપાનવૃત્તિના અભિમાની દેવતા) शम् — સુખાવહ नः અમારે માટે भवतु — થાઓ अर्यमा — અર્યમા (ચક્ષુ અને સૂર્યમંડળના અભિમાની દેવતા) शम् — આનંદદાયક नः—અમારે માટે इन्द्रः ઇન્દ્ર (બાહુ અને બળના અભિમાની દેવતા) बृहस्पतिः — બૃહસ્પતિ (વાણી અને બુદ્ધિના અભિમાની દેવતા) शम् —મંગળદાયક नः—અમારે માટે विष्णुः — વિષ્ણુ (ગતિના અધિષ્ઠાન દેવતા) उरुक्रमः— વિસ્તીર્ણ પાદવાળા नमः — નમસ્કાર ब्रह्मणे — બ્રહ્મ (હિરણ્યગર્ભ)ને नमः — નમસ્કાર ते — તને वायो — હે વાયુ (વ્યષ્ટિ પ્રાણ) त्वम् — તને एव — જ प्रत्यक्षम् — પ્રત્યક્ષ(અપરોક્ષ) ब्रह्म — બ્રહ્મ वदिष्यामि — કહીશ ऋतम् — ઋત (શાસ્ત્રાનુસાર કર્તવ્ય



તરીકે નિશ્ચિત અર્થ) वदिष्यामि — કહીશ सत्यम् — સત્ય (પૂર્વનિશ્ચિત અર્થનું વાણીથી થતું ઉચ્ચારણ) वदिष्यामि — કહીશ तत् — તે (સમષ્ટિ અને વ્યષ્ટિ પ્રાણાત્મક બ્રહ્મ) माम् — મને (શિષ્યને) अवतु — રક્ષો (વિદ્યાગ્રહણ—શક્તિના પ્રદાન દ્વારા) तत् — તે(ઉક્ત લક્ષણવાળું બ્રહ્મ) वक्तारम् — વક્તા (આચાર્ય)ને अवतु — રક્ષો (વક્તૃત્વ—સામર્થ્યના પ્રદાન દ્વારા) अवतु — રક્ષો (અવિદ્યા અને તેના કાર્યની નિવૃત્તિરૂપી ફળના પ્રદાન દ્વારા) माम् — મને(શિષ્ય)ને अवतु — રક્ષો (પોતાના સમાન શિષ્યના દર્શનથી વિદ્યાસંપ્રદાય પ્રવૃત્તિનિમિત્તક પરિતોષરૂપી ફળના પ્રદાન દ્વારા) वक्तारम् — વક્તા(આચાર્ય)ને

ॐ शांतिः शांतिः शांतिः — ઓમ્ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ઓમ્, મિત્ર અમારે માટે સુખકારી (થાઓ). વરુણ સુખપ્રદ (થાઓ). અર્યમા અમારે માટે સુખાવહ (થાઓ). ઈન્દ્ર અને બૃહસ્પતિ અમારે માટે આનંદદાયક (થાઓ). વિસ્તીર્ણ પાદાવાળા વિષ્ણુ અમારે માટે મંગળદાયક થાઓ. બ્રહ્મને નમસ્કાર. હે વાયુ! તને નમસ્કાર! તું જ પ્રત્યક્ષ બ્રહ્મ છે. તને જ (હું) પ્રત્યક્ષ બ્રહ્મ કહીશ. (તને જ) ઋત કહીશ. (તને જ) સત્ય કહીશ, તે (બ્રહ્મ) (સાધનકાળે) મારું રક્ષણ કરો. તે (બ્રહ્મ) આચાર્યનું રક્ષણ કરો. (ફળકાળે તે બ્રહ્મ) મારું રક્ષણ કરો. આચાર્યનું રક્ષણ કરો.

ત્રિવિધ તાપની શાંતિ થાઓ. ૧

ॐ सह नाववतु । सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै । तेजस्वीनावधीतमस्तु मा विद्विषावहै । ॐ शांतिः शांतिः शांतिः ॥૨॥

ॐ—ઓમ્ सह—સાથે नौ—અમારી બંનેની अवतु—રક્ષા કરે

सह—સાથે नौ—અમારી બંનેનું भुनक्तु—પાલન કરે सह — સાથે वीर्य — વીર્ય, સામર્થ્ય करवावहै—સંપાદિત કરીએ तेजस्विनौ—તેજસ્વી એવા અમારું બંનેનું (यद्—જે) अधीत्—અધ્યયન કરેલુ) तत्—તે सु—अधीतम्—સુપઠિત)अस्तु—થાઓ) मा विद्विषावहै—અમે બંને (પરસ્પર) દ્વેષ ન કરીએ.

ॐ शांतिः शांतिः शांतिः — ઓમ્ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઓમ્, (તે ઉપનિષત્પ્રકાશિત પરમેશ્વર) અમારી બંનેની (ગુરુ—શિષ્યની) (વિદ્યાના સ્વરૂપના પ્રકાશ દ્વારા) રક્ષા કરે. (તથા તેના ફળના પ્રકાશના દ્વારા) અમારું બંનેનું પાલન કરે. અમે બંને (વિદ્યાકૃત) વીર્ય સંપાદિત કરીએ. (અને) તેજસ્વી એવા અમે બંનેએ જે અધ્યયન કર્યું છે તે સુપઠિત થાઓ. (અથવા અમે બંનેએ જે અધ્યયન કર્યું છે તે તેજસ્વી થાઓ.) અમે બંને (પ્રમાદકૃત અન્યાયથી અધ્યયન અને અધ્યાપનમાં થયેલ દોષને કારણે) પરસ્પર દ્વેષ ન કરીએ.

ત્રિવિધ તાપની શાંતિ થાઓ. ૨

★ તમે કાચબાની જેમ સંકોચાઇને નિર્લેપ રહી શકો.
★ પ્રાપ્ત કર્મ પ્રત્યે આંખ મંચામણા કદી ન કરવા.
★ મનનું કાયમી સરનામું પ્રભુ—સ્મરણ રાખવું.

—મા



# જીવભાવ

સ્વામી ચિદાનંદ સરસ્વતી

હવે પરમાત્માના જ અંશભૂત દેહસ્થ આત્મામાં જીવભાવ આવ્યો શી રીતે તે વિચારીએ. પરબ્રહ્મ પરમાત્મા યોગનિદ્રામાં પોઢ્યા હતા. તેમાંથી આળસ મરડી જાગૃત થયા, આંખ ઉઘાડી જોયું તો કંઇ પણ નજરે પડ્યું નહિ. સહેજમાં સંકલ્પ સ્ફૂર્યો કે **''एकोऽहं बहुस्याम्''** એટલે કે હું એકલો છું તે બહુરૂપે થાઉં. આ સંકલ્પ પોતાની શક્તિ પ્રકૃતિ ઉપર પ્રતિફલિત થયો. પ્રકૃતિએ પોતાનાં અહોભાગ્ય માન્યાં, કારણ પૂર્ણકામ, આપ્તકામ અને આત્મરતિ એવા પરમાત્મામાં પણ ઇચ્છાનું સ્ફુરણ થયું. આવો અમૂલ્ય અવસર સાંપડતાં, પ્રકૃતિમાતાએ પુરુષની પ્રસન્નતા વાસ્તે, અનેક જાતનાં જુદાં જુદાં આકારવાળા અને ભિન્ન ભિન્ન સ્વભાવવાળાં અસંખ્ય પ્રાણીઓ ઉત્પન્ન કર્યાં. પ્રાણીઓ ઉત્પન્ન તો થયાં, પણ આપણાં બનાવેલ માટીનાં રમકડાં જેમ ચૈતન્ય વિનાનાં જડ ઊભાં રહે તેમ જડ ઊભાં રહ્યાં. તેઓમાં કંઇ પણ ક્રિયા કે મતિ આવી નહિ. આ જોઇને, પરમાત્માને તો રમવું હતું એટલે, જેમ સૂર્યનારાયણ પોતાનાં અનન્ત કિરણોથી, સર્વત્ર એક સાથે પ્રવેશે છે, તેમ પોતાના અનંત અંશોથી પરમાત્માએ તમામ રમકડાંમાં પ્રવેશ કર્યો, અને છતાં પોતે તો એમને એમ જ, રમત જોવા પોતાના સ્વરૂપમાં જ રહ્યા. આથી પરમાત્માનું એક નામ ''અચ્યુત'' એવું છે, કારણ પોતે ભિન્ન ભિન્ન લીલાઓ કરે છે પણ સ્વરૂપે તો એવાને એવા જ અવિકારી અને અવ્યય રહે છે.

આ હકીકત બતાવતો ગિરધર કવિનો એક કુંડળિયો છે તે જોઈએ :

**मरजी चेतनकी जभी, जब मारनकी होय,**
**मृगतृष्णाके नीरमें वह चाल्यो बिन तोय;**
**वह चालयो बिन तोय नोकहूँ किनारो पावे,**
**कहूँ अध, कहूं ऊर्ध्व, फिर फिर गोते खावे;**
**कर गिरधर कविराय, दीजिये किसदिग अरजी,**
**परमेश्वरकी आपभई जब एसी मरजी ॥**

આમ પરમાત્માનો સ્પર્શ થતાં જ બધાં જ પ્રાણીઓ પોત-પોતાના સ્વભાવ પ્રમાણે દોડાદોડ કરવા માંડ્યાં. પ્રાણ ચાલવા લાગ્યા એટલે પહેલાં તરસ લાગી. પાણી શોધી પાણી પીધું. ત્યાં ભૂખ લાગી એટલે ખોરાક શોધી ભૂખ મટાડી. આવી રીતે એક પછી એક એમ હાજતો ઊભી થવા લાગી, અને પ્રાણીઓ તેને સંતોષવા મહેનત કરવા લાગ્યાં. આ વ્યવહાર એવો તો જોરથી ચાલ્યો કે તેમને થાક લાગ્યો અને યથા—સ્વભાવ સૌએ વિશ્રાન્તિ લીધી. આમ કરતાં એવો ક્રમ બંધાઈ ગયો કે, શરીરની હાજતો પૂરી કરવામાં બધો સમય જાય, અને થાક લાગે ત્યારે શેષ સમય ઉંઘમાં જાય. હંમેશના આ કાર્યક્રમથી પ્રાણીઓનો આમ કરવાનો સ્વભાવ થઈ ગયો, અને પરિણામે શરીરને સાચવવા સિવાય બીજું કંઈ કર્તવ્ય હોય જ નહિ એમ દૃઢ થઈ ગયું. ભોગના અભ્યાસને લીધે ભોગના પદાર્થોમાં આસક્તિ બંધાઈ ગઈ, અને પરિણામે હું આ શરીર છું, અને તેનું સંરક્ષણ તેમ જ પાલનપોષણ કરવું એમાં જ ઈતિકર્તવ્યતા સમજાઈ ગઈ, આનું પરિણામ એ આવ્યું કે એક દેહ છોડતાં બીજો દેહ ધારણ કરવાની ઈચ્છા થવા લાગી અને જન્મમરણનું ચક્ર ફરવા માંડ્યું. સ્વરૂપની પૂર્ણ



વિસ્મૃતિ થઈ ગઈ, અને દેહાધ્યાસ અતિ દૃઢ થઈ ગયો, અને અંતે મનુષ્યો પણ પશુના જેવું જીવન જીવતાં થઈ ગયાં.

શરીરની અંદર જે ચેતનઅંશ છે, તે પરમાત્માનું જ સ્વરૂપ છે, એને માટે કેટલાંક પ્રમાણ આપવાં ઠીક લાગે છે, જેથી આ વાત વધારે દૃઢ થાય. કારણ જીવભાવ ટળે તો પછી સંસાર જ રહેતો નથી. આ વાત પણ ભગવાન ગીતામાં સાતમા અધ્યાયમાં પરાપ્રકૃતિ સમજાવતાં સાથોસાથ કહી દે છે. **जीवभूतां, महाबाहो ययेदं धार्यते जगत् ।** અર્થાત્ આ મારી જે જીવપ્રકૃતિ છે તે જ જગતનું ધારણ કરે છે એટલે કે જ્યાંસુધી જીવભાવ છે ત્યાંસુધી જ સંસાર છે. **जगत्** એટલે ''**गच्छतीति जगत् ।**'' અર્થાત્ જે જન્મમરણના પ્રવાહરૂપે ચાલ્યું જાય છે તે જગત. જીવભાવ ન હોય તો કોણ જન્મે અને કોણ મરે? પરમાર્થ દૃષ્ટિએ તો કોઈ જન્મતું પણ નથી તેમ કોઈ મરતું પણ નથી. પણ પરમેશ્વરની માયાથી જીવભાવ દૃઢ થઈ જાય છે અને તેથી જ જન્મમરણ નથી છતાં દેખાય છે.

હવે, શરીરમાં જે ચેતનસ્ફૂર્તિ દેખાય છે તે પરમાત્મા જ છે તેનાં પ્રમાણો જોઈએ જેથી જીવભાવની નિવૃત્તિ થાય. શાસ્ત્રોનાં પ્રમાણ ટાંકતાં પહેલાં આ વાત વધારે દૃઢ કરવા એક વ્યાવહારિક દૃષ્ટાન્ત લઈએ.

એક મોટું તપેલું છે. તેમાં થોડીક નાની મોટી વાટકીઓ ચત્તી મૂકી છે. કોઈ વાટકી સોનાની છે તો કોઈ પિત્તળની, કોઈ ત્રાંબાની તો કોઈ લોઢાની, કોઈ ચાંદીની તો કોઈ માટીની છે. કેટલાક જુદાં જુદાં રંગના કાચના પ્યાલા આડા પડ્યા છે. કેટલાંક ચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ વિગેરે જુદાં જુદાં

ઘાટનાં અને વિવિધ પદાર્થોનાં બનાવેલ નાનાંમોટાં પાત્રો, કોઇ ઉંધાં, કોઇ ચત્તાં તો કોઇ આડાં એમ પડ્યાં છે. આ બધાં વાસણો તપેલાને તળીએ છે. કોઇ ઉપરાઉપર નથી, કારણ તપેલું બહું મોટું છે અને તેથી આટલાં બધાં વાસણો મૂકતાં તળિયામાં કેટલીક ખાલી જગ્યા પણ છે. હવે આ તપેલું આખુંએ પાણીથી ભરી દઇએ. અંદર રહેલાં બધાં વાસણો પણ પાણીથી ભરાઇ જશે. ચત્તાં, ઉંધાં, આડાં, અવળાં જેવી સ્થિતિમાં હશે તેવી સ્થિતિમાં પાણીથી છલોછલ ભરેલાં જ હશે.

હવે તપેલાનું પાણી તે પરમાત્મસ્વરૂપ જાણવું. તળીએ નાનાં મોટાં પાત્રો છે તે સૃષ્ટિનાં ભૂત (પ્રાણીપદાર્થો) જાણવાં. તપેલાંનું પાણી જેમ બધાંય વાસણોને આખાંય છલોછલ ભરીને અખંડ રહે છે, તેવી જ રીતે પરમાત્મા પણ સૃષ્ટિના તમામ ભૂતોમાં છલોછલ ભરાઇને રહે છે અને અખંડ રહે છે.

આ ભાવ વ્યક્ત કરતું એક ભજન છે કેઃ—

''પ્રભુ સઘળે બિરાજે રે, સૃજનમાં સભર ભર્યાં;
નથી અણુ પણ ખાલી રે, ચરાચર માંહે ભર્યાં.''

વ્યવહારમાં અમુક વાસણનું પાણી, અમુક પ્યાલાનું પાણી એમ બોલાય, કારણ કે બધાં પાત્રો જુદાં જુદાં છે, તેને લીધે દરેક પાત્રમાં પાણી જુદું જુદું દેખાય છે, પણ ખરી રીતે તેમાંનું પાણી જુદું જુદું નથી. પાત્રો ભિન્ન ભિન્ન હોવાને લીધે, પાણી જુદું જુદું લાગે છે પણ વસ્તુતઃ તેમ નથી. જ્યાં છે ત્યાં એક જ પાણી છે. વળી બધાં પાત્રોની અંદર, બહાર, ઉપર, નીચે, બધી તરફ જળ જ જળ છે, તેવી જ રીતે પરમાત્મા આ વિશ્વમાં સર્વત્ર રહેલા છે અને પાછા જુદા પણ છે.



વળી જીવાત્મા પરમાત્માનું ઐક્ય પણ આ દૃષ્ટાંતથી સહેલાઇથી સમજાઇ જાય તેમ છે. તપેલાંનું પાણી તે પરમાત્મા અને પાત્રોમાંનું પાણી તે જીવાત્મા. હવે જીવાત્મા જ્યાંસુધી પોતાને પાત્રરૂપ માને ત્યાંસુધી પરમાત્માથી જુદો નથી છતાં, ભ્રમથી પોતાને જુદો માને. પણ પાત્ર સામું ન જુવે અને ઉપર જુવે તો પરમાત્મા સિવાય કંઇ દેખાય જ નહિ. ગુરુકૃપાથી આવી દૃષ્ટિ થઇ જાય તો જીવ પોતાનું સ્વરૂપ સમજી જાય. જેમ ઘટાકાશ મહાકાશ રૂપ જ છે પણ જ્યાંસુધી ઘટબુદ્ધિ છે ત્યાંસુધી પોતાને જુદું માને છે તેમ.

તેમ જ ''**ॐ पूर्णमदः पूर्णमिदम्**'' મંત્ર પણ આ દૃષ્ટાંતથી સહેલાઇથી સમજાઇ જાય તેમ છે. તપેલું પૂર્ણ ભર્યું છે, અને તેમાં રહેલાં પાત્રો પણ તેમાંથી પૂર્ણ ભરાયાં છે, છતાં તપેલાનું પાણી પૂર્ણરૂપે જ અવશેષ રહે છે. આમ જ પરમાત્મા પણ બધાં પ્રાણીપદાર્થોને પૂર્ણ ભરી દઇ પોતે પણ પાછા પૂર્ણરૂપે જ અવશેષ રહે છે.

હવે શાસ્ત્ર પ્રમાણો તપાસીએ. પહેલાં તો શ્રીશંકરાચાર્યનાં સ્પષ્ટ વક્તવ્ય જોઇએ. વિવેક ચૂડામણિમાં શરૂઆતમાં જ પોતાના શિષ્યને કહે છે :

**अज्ञान योगात् परमात्मन स्तव ।**
**हानात्मबंधः तत एव संसृतिः ॥**

હે શિષ્ય, તું સાચેસાચ પરમાત્મસ્વરૂપ જ છો. પરંતુ અજ્ઞાનને લીધે તેં તારામાં બંધન કલ્પી લીધું છે અને તેથી જ સંસૃતિ કહેતાં જન્મમરણનાં ચક્રમાં ફસાઇ ગયાં છો. આનું નામ જીવભાવ.

બીજે ઠેકાણે આત્મબોધમાં કહે છે :

**रज्जुसर्पवदात्मानं जीवं ज्ञात्वा भयं वहेत् ।**
**नाहं जीवः परात्मेति ज्ञानं चेन्निर्भयो भवेत् ॥**

એટલે કે દોરડાંમાં સર્પની ભ્રાન્તિ થઇ જવાથી માણસ જેમ બીએ છે અને તેનાથી દૂર નાસવા માંડે છે, તેવી જ રીતે, માણસ પોતાને જીવ માનીને, જન્મમરણનાં દુઃખ ભોગવે છે. પણ ગુરુકૃપાથી હું જીવ નથી પણ પરમાત્મા જ છું એવી સાચી સમજણ આવી જાય તો નિર્ભય થઇ જાય એટલે કે પછી તેને જન્મમરણનો કે એવો બીજો કોઇ ભય જ રહે નહિ. પરમાત્માને શેનો અને કોનાથી ભય હોય?

દેહાધ્યાસ અર્થાત્ જીવભાવ નિવૃત્ત કરવા માટે શ્રીશંકરાચાર્ય સાધનપંચકમાં એક જ લીટીમાં ઉપાય પણ બતાવી દે છે : **देहेऽहंमति रुज्झताम् अथ परब्रह्मात्मनि स्थीयताम् ।** એટલે કે સર્વ અનર્થોનું મૂળ—સંસારમાં જન્મમરણનાં ચક્રમાં ફરવાનું મૂળ કારણ—જે **देहे अहंमतिः** અર્થાત્ દેહમાં જે અહંબુદ્ધિ થઇ ગઇ છે એટલે દેહ છે એ હું છું એવો જે ભ્રમ થઇ ગયો છે અથવા દેહાધ્યાસ કે જીવભાવ જે દૃઢ થઇ ગયો છે તેને **रुज्झताम्** કહેતાં તું છોડી દે; **अथ**=અને પછી, **परब्रह्मात्मनि स्थीयताम्** એટલે કે પરબ્રહ્મ કે જે તારું મૂળ સ્વરૂપ છે તેમાં સ્થિર થઇ જા. પ્રકૃતિસ્થ થઇ ગયો છે તે છોડીને સ્વસ્થ કે સ્વરૂપસ્થ થઇ જા અર્થાત્ તને પોતાને ઓળખી લે અને પછી તે સ્વરૂપમાં સ્થિર થઇ જા.

હવે ગીતા જોઇએ. બીજા અધ્યાયમાં ભગવાન આત્માનાં ઘણાંખરાં વિશેષણો જીવ માટે વાપરે છે.



**अन्तवन्त इमे देहा, नित्यस्योक्ताः शरीरिणः ।**
**अनाशिनोऽप्रमेयस्य, तस्माद्युध्यस्व भारत ॥**

**ગીતા અ. ૨, શ્લોક ૧૮**

અહીં શરીરી એટલે શરીરમાં રહેલું ચેતન—જીવ—માટે નિત્ય, અનાશી એટલે અવિનાશી અને અપ્રમેય એટલે અકળ એ શબ્દો વપરાયા છે. વળી શરીરી એકવચનમાં છે અને દેહો બહુવચનમાં છે. આથી એમ કહે છે કે શરીરો તો અનંત છે પણ તેમાં રહેલું ચેતન એક જ છે. વળી શરીરો તો અંતવંત એટલે નાશ પામનારાં છે જ્યારે તેમાં રહેલું ચેતન તેવું નથી પરંતુ કદી નાશ ન પામે તેવું છે.

**(ક્રમશઃ)**

★ પ્રણામ ન કરે એને સત્યપદ આવવાનો પાસપોર્ટ ના મળે.

★ પ્રભુવાણીથી કોઇ અનેક જન્મો પછી કાયમ માટે જાગી જાય.

★ સંતવાણી નિષ્ફળ જતી નથી. કોઇક જન્મે તો જાગૃત કરે જ.

★ દરેક સંબંધમાં અતિશય ન ડૂબવું નહીં તો આપણને ડૂબાડે.

**—મા**

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

'કૃષ્ણ ચતુર છે છતાં પણ એની ચતુરાઇ તારી આગળ ના ચાલી.'

કૃષ્ણ હસતા રહ્યા, થોડી વાર વિચારમાં પડ્યા ને બોલ્યાઃ

'મેં તો ક્યારનુંય કહી દીધું છે કે રાધા મારા કરતાં વધારે ચતુર છે. પરંતુ રાતના વખતે તમારા સૌનું આવી રીતે મારા જેવા એક પરપુરુષની પાસે આવવું સહેજ પણ શોભાસ્પદ, સમાજસંમત કે શાસ્ત્રયુક્ત નથી એનો વિચાર કર્યો? તમારામાંથી કેટલીક સ્ત્રીઓ તો પરણેલી છે!'

'એથી શું થયું!' એક ગોપી બોલી ઊઠી; 'અમે કોઇ પરપુરુષની પાસે નથી આવી.'

'અમે તને પુરુષ નથી માનતી.' સુપ્રિયા બોલી.

'પુરુષ નથી માનતી?' કૃષ્ણને નવાઇ લાગી; 'તો પછી શું માને છે? સ્ત્રી?'

ગોપીઓ હસી પડી.

'સ્ત્રી તો કેવી રીતે માની શકાય?'

'તો પછી?'

રાધાએ કહ્યુંઃ

'અમારી દૃષ્ટિએ તું કોઇ સામાન્ય પુરુષ નથી પરંતુ પુરુષોત્તમ છે, એટલે પરપુરુષની પાસે આવવાનો પ્રશ્ન જ નથી પેદા થતો.એવી રીતે અમારું વર્તન લોકવિરોધી નથી. રહી શાસ્ત્રયુક્ત વર્તનની વાત. તો એનો ઉત્તર આપવો પણ સહેલો છે.'



'કેવી રીતે?'

'તું જ કહે ને કે શાસ્ત્રો શો સંદેશ આપે છે! શાસ્ત્રોના સંદેશ અને આદેશ તો અનેક છે, પરંતુ એમનો મહત્ત્વનો મુખ્ય સંદેશ અથવા આદેશ એ છે કે જીવે પોતાનું કલ્યાણ કરવું અને એને માટે શિવનું શરણ લેવું. બરાબર?'

'બરાબર.'

'તો પછી અમે એ શાસ્ત્રાદેશનું પાલન જ કરીએ છીએ. અમે સૌ જીવ છીએ અને તમે શિવ છો. પૃથ્વી પર પ્રકટ થયેલા પરમાત્મા છો. અમે તમારી પાસે આવીએ ને તમારું શરણ લઇએ એમાં આશ્ચર્ય જેવું કે વધારે પડતું શું છે? અમે તમારી પાસે ના આવીએ તો ક્યાં જઇએ ને તમારું શરણ ના લઇએ તો બીજા કોનું લઇએ?'

કૃષ્ણને રાધાની પ્રીતિ, ભાવના તથા સમજશક્તિને માટે માન ઉપજ્યું.

રાધાને અનુરાગભરી અંજલિ આપીને એ એની સામે અત્યંત આદરપૂર્વક જોઇ રહ્યા ને બોલ્યાઃ

'તને કોઇ રીતે નહીં પહોંચી શકું; રાધા!' તારી પ્રીતિ તથા ભાવનાને કદી પણ નહીં ભૂલી શકું–જન્મોજન્મ સુધી નહીં ભૂલી શકું. આવો પવિત્ર પાર વિનાનો પ્રેમ તો મારે માટે કોઇએ નથી પ્રદર્શિત કર્યો.'

રાધા સહેજ સંકોચમાં પડી છતાં બોલી :

'તું મારા પ્રેમની પ્રશંસા કરે છે પરંતુ તારો મારે માટેનો પ્રેમ પણ ઓછો પવિત્ર ને પ્રબળ નથી, કૃષ્ણ! એ પ્રેમનો અનુભવ મારા અંતરે કરી લીધો છે. એથી મારું જીવન કૃતાર્થ થઇ ગયું છે. એ પ્રેમને હું પણ જન્મોજન્મ સુધી નહીં ભૂલી શકું. મારી

તારા પ્રત્યેની ભાવના ઉદાત્ત છે તેમ તારી મારા પ્રત્યેની ભાવના પણ કાંઇ ઓછી ઉદાત્ત નથી જ.'

કૃષ્ણે કહ્યું :

'મેં મારી તારે માટેની ભાવનાને તારી તથા સુપ્રિયાની આગળ અવારનવાર પ્રકટ કરી છે. તું મને પુરુષ નથી માનતી તેમ હું તને પણ કોઇ સામાન્ય સ્ત્રી નથી સમજતો.'

'તો શું દેવાંગના માને છે?' સુપ્રિયાએ પૂછ્યું. એનાથી પૂછ્યા વિના ના રહેવાયું.

'ના. દેવાંગના પણ નહીં.'

'તો પછી કોઇ યક્ષ કે ગંધર્વકન્યા!'

'ના.'

'તો પછી? શું માને છે?'

'રાધા મારે માટે શું છે તે કેમ કરીને કહી બતાવું? એ મારું હૃદય છે, મારો શ્વાસોશ્વાસ છે, મારો પ્રાણ અથવા આત્મા છે, મારું જીવન કે જીવનસર્વસ્વ છે. એ કોઇ સાધારણ છોકરી નથી. એ તો શક્તિ છે. શાસ્ત્રોએ કહી છે તે સંસારની આદ્યાશક્તિ કે મહાશક્તિ. એ પરમશક્તિ પૃથ્વી પર રાધાના રૂપમાં પ્રકટ થઇ છે એવું મારું મંતવ્ય છે. હું એને એ જ દૃષ્ટિથી જોયા કરું છું.'

'ક્યારથી?'

'જ્યારથી એને પહેલવહેલી જોઇ છે ત્યારથી. મારી દૃષ્ટિમાં, મારા હૃદયમાં ને રોમરોમમાં એના વિના બીજું કશું જ નથી. તપસ્વીની દીર્ઘકાલીન કઠોર સાધનાની સિદ્ધિરૂપે પ્રકટ થયેલી રાધા વિધાતાના મહામૂલા મીઠા સ્વપ્નરૂપ છે. એ સંસારની શોભા છે. એને લીધે વ્રજમંડળ કેટલું બધું મધુમય લાગે



છે તે કેમ કરીને કહી બતાવું?'

એ પછી એ ગોપીઓને ઉદ્દેશીને બોલ્યા :

'તમારા પવિત્ર પ્રેમને કદીપણ નહીં ભૂલી શકું. જન્મજન્માતર સુધી નહીં ભૂલી શકું. એ ભૂલવાની વસ્તુ જ નથી. તમારા આ પવિત્ર પ્રેમને માટે તમારો ઋણી છું. એના ઋણમાંથી જન્મજન્માંતર સુધી નહીં છૂટી શકું. એનો બદલો મારાથી કોઇયે રીતે નહીં ચૂકવી શકાય. તમે મારા જીવનને રસમય અને ધન્ય કર્યું છે.'

સુપ્રિયા બોલી :

'અમારામાંથી કોઇને અમારા પ્રેમનો બદલો મેળવવાની ઇચ્છા નથી થતી. અમારો પ્રેમ તદ્દન નિઃસ્વાર્થ છે. તારી વેણુના સમધુર સ્વરમાં એક થવાની તથા તારી સાથે રાસ રમવાની અમારી આકાંક્ષા છે ખરી. એ આકાંક્ષાથી પ્રેરાઇને જ અમે આવી પહોંચી છીએ.'

કૃષ્ણે કહ્યું :

'એ આકાંક્ષાની મને ખબર છે. આજે હું તમને ઋષિમુનિઓને પણ દુર્લભ એવો મહારાસ રમાડીશ ને મારા પવિત્ર પ્રેમામૃતનું પાન કરાવીશ. જે સુખની સરખામણી બીજા કોઇયે સુખની સાથે ના થઇ શકે એવું સર્વોત્તમ સુખ પ્રદાન કરીશ. તમારાં જીવન આજે ધન્ય બની જશે ને તમારું શરીરધારણ સફળ થશે.'

ગોપીઓને આનંદ થયો.

યમુનાના યશસ્વી પ્રશાંત તપઃપૂત તટપ્રદેશ પર શરદપૂર્ણિમાનો પાવન પ્રકાશ પથરાઇ રહેલો.

**(ક્રમશઃ)**